ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત



RNI NO. : GUJGUJ/2016/67425

02
JUNE,2025
MONDAY

પેજ 2

ડભોઈ નગરપાલિકા દ્વારા ચોમાસાને ધ્યાને લઈ વરસાદી કાંસોની સફાઈ કરવામાં આવી

પેજ 3

દહેજ ખાતે 'ઓપરેશન શિલ્ડ' અન્વયે હવાઈ હુમલા અંગે મોકડ્રિલ યોજાઈ

પેજ 7

ભરૂચમાં શક્તિનાથ મહાદેવથી સ્ટેચ્યુ પાર્ક સુધી શોભાયાત્રા નીકળી

પેજ 5
શ્રીલીલાએ હલદીની તસવીરો સોશિયલ મીડિયામાં શેર કરતા ચાહકોમાં ખળભળાટ

pakkogujarat/ | Vol. 10 I Issue : 79 I Page : 8 I Price : 1.00/- I Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • Mo. : 9662420070 • E-mail : pakkogujarat7@gmail.com

### પશ્ચિમ બંગાળ 2026ની વિધાનસભા ચૂંટણીઃ સિંદૂર પર સવાલ ઉઠાવનારાને જનતા જવાબ આપશે

# મુસ્લિમ વોટબેંકને ખુશ કરવા પહેલગામ હુમલા વખતે મમતા બેનર્જી ચૂપ રહ્યાં, બંગાળમાં અમિત શાહનો પ્રહાર

### ટીએમસી બાંગ્લાદેશથી ગેરકાયદેસર ઘૂસણખોરીને પ્રોત્સાહન આપી રહી છે : અમીત શાહ

• કોલકાતા

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રવિવારે કોલકાતામાં કહ્યું હતું કે મમતા બેનર્જી મુસ્લિમ વોટ બેંકને ખુશ કરવા માટે ઓપરેશન સિંદૂર અને વક્ફ સુધારા કાયદાનો વિરોધ કરી રહ્યા છે.આમ કરીને મમતા દેશની માતાઓ અને બહેનોનું અપમાન કરી રહી છે. પશ્ચિમ બંગાળમાં 2026ની વિધાનસભા ચૂંટણીમાં, રાજ્યની માતાઓ અને બહેનો સીએમ મમતા અને ટીએમસીને ઓપરેશન સિંદૂરની ટીકા કરવા બદલ પાઠ ભણાવશે. પશ્ચિમ બંગાળની બે દિવસીય મુલાકાતના પહેલા દિવસે, શાહે વિજય સંકલ્પ કાર્યક્રમમાં પાર્ટી કાર્યકરોને કહ્યું કે જ્યારે પહેલગામ આતંકવાદી હુમલામાં બંગાળના પ્રવાસીઓ માર્યા ગયા, ત્યારે મમતા બેનર્જી ચૂપ રહ્યા. મુર્શિદાબાદ રમખાણો રાજ્ય પ્રાયોજિત હતા. ગૃહ મંત્રાલયે અહીં BSF તૈનાત કરવાની વાત કરી હતી, પરંતુ મમતા સરકારે આવું થવા દીધું નહીં, જેના કારણે હિંસા ચાલુ રહી.શાહે કહ્યું કે વક્ફ સુધારા કાયદાને લઈને મુર્શિદાબાદમાં થયેલા રમખાણોમાં ટીએમસીના ઘણા વરિષ્ઠ નેતાઓ સામેલ હતા. આ રમખાણોમાં 3 લોકો માર્યા ગયા અને ઘણા લોકો ઘાયલ થયા. મમતા બેનર્જી તુષ્ટિકરણની રાજનીતિ માટે કાયદાની વિરુદ્ધ છે. શાહે કહ્યું કે ટીએમસી બાંગ્લાદેશથી ગેરકાયદેસર ઘૂસણખોરીને પ્રોત્સાહન આપી રહી છે. તેમણે કહ્યું કે મમતા બેનર્જીએ બાંગ્લાદેશીઓ માટે બંગાળની સરહદો ખોલી દીધી છે. પશ્ચિમ બંગાળ સરકારે બીએસએફને જરૂરી જમીન આપી નથી. જો ટીએમસી બીએસએફને જમીન આપે તો અમે ઘૂસણખોરી રોકીશું, પરંતુ ટીએમસી આવું નહીં કરે. અમિત શાહે સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના નવા મકાનનું ઉદ્ઘાટન કર્યું પાર્ટી કાર્યકરોને સંબોધતા પહેલા, અમિત શાહે કોલકાતાના રાજારહાટ ખાતે સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (CFSL)નું ઉદ્ઘાટન કર્યું. તેમણે કહ્યું- ભારત સરકાર એક સુરક્ષિત, પારદર્શક અને પુરાવા આધારિત ફોજદારી ન્યાય વ્યવસ્થા બનાવી રહી છે.



## મહેબૂબાએ કહ્યું- જમ્મુ-કાશ્મીર ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધનું મેદાન બન્યું

• શ્રીનગર

પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (PDP) ના અધ્યક્ષ અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તીએ શનિવારે કહ્યું કે જમ્મુ અને કાશ્મીર ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધનું મેદાન ન બનવું જોઈએ પરંતુ મિત્રતા અને સમજણનો સેતુ બનવું જોઈએ. પાર્ટી કાર્યકરોને સંબોધતા તેમણે કહ્યું કે જમ્મુ અને કાશ્મીર હંમેશા યુદ્ધ અને હિંસાથી સૌથી વધુ પીડાય છે. અમારી હાલત બે હાથીઓ વચ્ચેની લડાઈમાં કચડાઈ રહેલા ઘાસ જેવી થઈ ગઈ છે. મહેબૂબાએ કહ્યું કે પીડીપી હંમેશા શાંતિની વાત કરે છે અને લોકોની લાગણીઓને અવાજ ઉઠાવે છે. આપણે યુદ્ધના ભયને દૂર કરવો જોઈએ જેથી લોકો પોતાના જીવનનું પ્લાનિંગ કરી શકે અને અર્થતંત્રને ફરીથી બેઠું થઈ શકે.જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ફારૂક અબ્દુલ્લાની પાકિસ્તાન સામે કડક લશ્કરી કાર્યવાહીની માંગ સહિત નેશનલ કોન્ફરન્સ (NC) ના નેતાઓના હાલના નિવેદનો પર નિશાન સાધતા તેમણે કહ્યું કે આવા નિવેદનો ખતરનાક વિચારસરણીને દર્શાવે છે. મહેબૂબાએ કહ્યું, 'જ્યારે ભારત સરકારે સિંધુ જળ સંધિને સ્થગિત કરી હતી, ત્યારે જમ્મુ અને કાશ્મીરના તત્કાલીન મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ તેનું સ્વાગત કર્યું હતું અને પાકિસ્તાનને પાણી પુરવઠો તાત્કાલિક બંધ કરવાની માંગ કરી હતી.'

## ક્રિકેટર રિંકુ સિંહ સાંસદ પ્રિયા સાથે 8 જૂને સગાઈ કરશે

• વારાણસી

જૌનપુરના મછલીશહરથી સમાજવાદી પાર્ટીની સાંસદ પ્રિયા સરોજ અને ક્રિકેટર રિંકુ સિંહ ટૂંક સમયમાં લગ્નગ્રંથિથી જોડાશે. રિંગ સેરેમની 8 જૂને લખનઉની સેવન સ્ટાર હોટેલમાં થશે. લગ્ન લગભગ 6 મહિના પછી 18 નવેમ્બરે વારાણસીની હોટેલ તાજમાં થશે. આ માહિતી પ્રિયાના ધારાસભ્ય પિતા તૂફાની સરોજે આપી હતી. તેમણે કહ્યું- રિંકુ અને મારા પરિવારના નજીકના લોકો રિંગ સેરેમનીમાં હાજર રહેશે. જ્યારે લગ્ન માટે રાજકારણીઓ, ફિલ્મ સ્ટાર્સ અને ઉદ્યોગપતિઓને આમંત્રણ મોકલવામાં આવશે. લગ્ન પરંપરાગત રીતે થશે. જાન્યુઆરી 2025માં ક્રિકેટર રિંકુ સિંહ અને સાંસદ પ્રિયા સરોજની સગાઈના સમાચાર પ્રકાશમાં આવ્યા. પ્રિયાના પિતા તૂફાની સરોજે કહ્યું હતું કે તેમની પુત્રીના લગ્ન રિંકુ સિંહ સાથે નક્કી થઈ ગયા છે અને રિંગ સેરેમની ટૂંક સમયમાં યોજાશે.

### ઇન્ડિગોની ફ્લાઇટ ફરી એર ટર્બ્યુલન્સમાં ફસાઈ

## 80 કિમીની ઝડપે પવન ફૂંકાતા રાયપુરથી દિલ્હી જતી ફ્લાઈટે હવામાં ચક્કર માર્યા

### એર ટ્રાફિક કંટ્રોલ તરફથી મંજૂરી મળ્યા બાદ ફ્લાઇટ સુરક્ષિત લેન્ડ થઈ

• નવી દિલ્હી

છત્તીસગઢના રાયપુરથી દિલ્હી જતી ઈન્ડિગોની ફ્લાઇટ 6E 6313 રવિવારે ટર્બ્યુલન્સ ફસાઈ ગઈ હતી. દિલ્હીમાં લેન્ડિંગ કરતા પહેલા પાઈલટે ફરીથી ફ્લાઇટ ઉડાવી હતી. દિલ્હી-એનસીઆરમાં બપોરે ધૂળના તોફાનને કારણે આ ઘટના બની.આ પછી ફ્લાઈટે આકાશમાં અનેક ચક્કર લગાવ્યા. બાદમાં, એર ટ્રાફિક કંટ્રોલ (ATC) તરફથી મંજૂરી મળ્યા બાદ, ફ્લાઇટને સુરક્ષિત રીતે લેન્ડ કરવામાં આવી. ફ્લાઈટ હવામાં ફરતી હોવાનો એક વીડિયો પણ સામે આવ્યો છે. ફ્લાઈટમાં બેઠેલા મુસાફરો ગભરાયેલા જોઈ શકાય છે. ઈન્ડિગોએ કહ્યું હતું કે ફ્લાઈટ કરા પડવાથી ફસાઈ ગઈ હતી. જેના કારણે કટોકટીની સ્થિતિ ઊભી થઈ.21 મેના રોજ દિલ્હીથી શ્રીનગર જતી ઈન્ડિગોની ફ્લાઈટ પર કરા પડવાને કારણે ભારે ટર્બ્યુલન્સનો સામનો કરવો પડ્યો હતો. આ સમય દરમિયાન પાઇલટે પાકિસ્તાનને તેના હવાઈ ક્ષેત્રનો ઉપયોગ કરવાની પરવાનગી માંગી હતી, જોકે પાકિસ્તાને ઈનકાર કર્યો હતો. સૂત્રોએ 22 મેના રોજ સમાચાર એજન્સી પીટીઆઈને જણાવ્યું હતું કે જ્યારે ઈન્ડિગો ફ્લાઈટ અમૃતસર ઉપરથી પસાર થઈ રહી હતી ત્યારે પાઈલટે થોડી ખલેલ અનુભવી હતી. ખરાબ હવામાનથી બચવા માટે તેણે લાહોર એર ટ્રાફિક કંટ્રોલ (ATC)નો સંપર્ક કર્યો અને પાકિસ્તાની હવાઈ ક્ષેત્રમાં પ્રવેશવાની પરવાનગી માગી.લાહોર એટીસીએ પાઈલટને સ્પષ્ટપણે ના પાડી દીધી, જેના કારણે ફ્લાઇટને તેના નિર્ધારિત રૂટ પર આગળ વધવું પડ્યું. આગળ જતાં ફ્લાઈટ ભીષણ ટર્બ્યુલન્સની ઝપટમાં આવી ગઈ. ફ્લાઈટ જોરથી ધ્રૂજવા લાગી. ફ્લાઈટમાં 224 લોકો સવાર હતા. જોરદાર આંચકાઓને કારણે બધા ચીસો પાડવા લાગ્યા.

## ભગવાન જગન્નાથના રથમાં સુખોઈ જેટના ટાયર લગાવાયા

### કોલકાતા ઇસ્કોને 48 વર્ષ પછી રથના પૈડા બદલ્યા; રથયાત્રા 27 જૂનથી શરૂ થશે

• કોલકાતા

કોલકાતા ઈસ્કોનની પ્રખ્યાત ભગવાન જગન્નાથ રથયાત્રાના રથના પૈડા 48 વર્ષ પછી બદલવામાં આવ્યા છે. આ વખતે રથમાં રશિયન સુખોઈ જેટના ટાયર લગાવવામાં આવી રહ્યા છે. ફાઇટર જેટની ટેકઓફ ગતિ 280 કિમી/કલાકની હોય છે. જોકે, રથ 1.4 કિમી પ્રતિ કલાકની ઝડપે દોડે છે. ઈસ્કોન કોલકાતાએ જણાવ્યું હતું કે છેલ્લા ઘણા વર્ષોથી રથ ચલાવવામાં મુશ્કેલીઓ પડી રહી હતી. આયોજકો 15 વર્ષથી નવા ટાયરની શોધમાં હતા. બોઈંગ વિમાનના જૂના ટાયરનો ઉપયોગ થતો હતો, પરંતુ હવે તે બજારમાં મળવા મુશ્કેલ બની રહ્યા છે. આ પછી, આયોજકોએ સુખોઈ જેટના ટાયર રથમાં ફીટ કરવાનું નક્કી કર્યું કારણ કે તેનો વ્યાસ બોઈંગ ટાયર જેવો જ છે. મેનેજમેન્ટે કંપની પાસેથી 4 સુખોઈ ટાયર ખરીદ્યા છે. રથમાં ટાયરોને લગાવવામાં આવી રહ્યા છે. દર વર્ષે અષાઢ મહિનાના શુક્લ પક્ષની બીજે જગન્નાથ રથયાત્રા શરૂ થાય છે અને શુક્લ પક્ષના 11મા દિવસે



જગન્નાથજી પરત ફરવા સાથે યાત્રાનું સમાપન થાય છે. આ વખતે રથયાત્રા 27 જૂનથી શરૂ થશે. આ 8 દિવસ સુધી ચાલશે. 5 જુલાઈના રોજ સમાપ્ત થશે. ઈસ્કોન કોલકાતાના પ્રવક્તા રાધારમણ દાસે જણાવ્યું હતું કે તેમણે સુખોઈ ટાયર મેન્યુફેક્ચરિંગ કંપનીનો સંપર્ક કર્યો હતો. જ્યારે ટાયર માટે ક્વોટેશન માંગવામાં આવ્યું ત્યારે કંપનીને આશ્ચર્ય થયું કે કોઈ ફાઇટર જેટ ટાયર કેમ માંગી રહ્યું છે.

## ઠપકો આપવો એ આત્મહત્યા માટે ઉશ્કેરણી નથી : સુપ્રીમ

• નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે કહ્યું કે કોઈને ઠપકો આપવો એ આત્મહત્યા માટે ઉશ્કેરણી ગણી શકાય નહીં. આ સાથે કોર્ટે મદ્રાસ હાઈકોર્ટના આદેશને ફગાવી દીધો. હાઈકોર્ટે IPCની કલમ 306 હેઠળ હોસ્ટેલ વોર્ડનને આત્મહત્યા માટે ઉશ્કેરવાનો દોષી ઠેરવ્યો હતો. જસ્ટિસ હસનૈનુદ્દીન અમાનુલ્લાહ અને જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રાની બેન્ચે કહ્યું, 'કોઈ કલ્પના પણ ન કરી શકે કે ઠપકો આપવાથી આવી ઘટના બની શકે છે.' એક વિદ્યાર્થીની ફરિયાદ બાદ વોર્ડને બીજા વિદ્યાર્થીને ઠપકો આપ્યો હતો. ઠપકો મળ્યા બાદ વિદ્યાર્થીએ પોતાના રૂમમાં ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી. વોર્ડનની દલીલ એવી હતી કે તેણે વિદ્યાર્થીને વાલી તરીકે ઠપકો આપ્યો હતો જેથી તે ફરીથી આવી ભૂલ ન કરે. વોર્ડને એ પણ સ્પષ્ટતા કરી કે આત્મહત્યા કરનાર વિદ્યાર્થી અને તેમના વચ્ચે કોઈ અંગત સંબંધ નહોતો.ડિસેમ્બર 2024માં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે કોઈ વ્યક્તિ પર આત્મહત્યા માટે ઉશ્કેરવાનો આરોપ ત્યારે જ લગાવી શકાય છે જો તેના નક્કર પુરાવા હોય. આ માટે ફક્ત ઉત્પીડનનો આરોપ પૂરતો નથી. હકીકતમાં, ગુજરાત હાઈકોર્ટે એક મહિલાના પતિ અને સાસરિયાઓને ત્રાસ આપવા અને આત્મહત્યા કરવા મજબૂર કરવાના આરોપમાં નિર્દોષ જાહેર કરવાનો ઈનકાર કર્યો હતો. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ પીબી વરાલેની બેન્ચે હાઈકોર્ટના નિર્ણયને ઉલટાવી દીધો અને તેમને નિર્દોષ જાહેર કર્યા.

## તેજ પ્રતાપે કહ્યું- માતા-પિતાનો આદેશ ભગવાનથી પણ મોટો

• પટના

આરજેડીમાંથી હાંકી કાઢવામાં આવ્યાના 6 દિવસ બાદ, તેજ પ્રતાપ યાદવે તેમના માતા-પિતા લાલુ અને રાબરીને માટે એક ભાવનાત્મક પોસ્ટ લખી છે. તેમણે લખ્યું કે માતા-પિતા, તમે અને તમારો આદેશ ભગવાન કરતાં પણ મોટો છો. મારા પ્રિય મમ્મી અને પપ્પા... મારી આખી દુનિયા ફક્ત તમારા બંનેમાં જ સમાયેલી છે. તમે અને તમારો આદેશ ભગવાન કરતાં પણ મોટો છો. તમે છો તો મારી પાસે બધું જ છે. મને ફક્ત તમારો વિશ્વાસ અને પ્રેમ જોઈએ છે, બીજું કંઈ નહીં. પપ્પા, જો તમે ન હોત તો ન તો આ પાર્ટી હોત અને ન તો મારી સાથે રાજકારણ કરનાર જયચંદ જેવા લાલચી લોકો. બસ મમ્મી-પપ્પા, તમે બંને હંમેશા સ્વસ્થ અને ખુશ રહો.

## સંક્ષિપ્ત સમાચાર

### યૂક્રેને રશિયાના બે એરબેઝ પર ડ્રોન હુમલા કરી 40 રશિયન જેટ તોડ્યાનો દાવો કર્યો

કિવ : યુક્રેનનો દાવો છે કે તેણે 40 રશિયન ફાઈટર પ્લેન તોડી પાડ્યા છે. યુક્રેનિયન વેબસાઈટ કિવ ઈન્ડિપેન્ડન્ટના અહેવાલ મુજબ, રવિવારે યુક્રેનિયન ડ્રોન દ્વારા બે રશિયન એરબેઝ ઓલેન્યા અને બેલાયાને નિશાન બનાવવામાં આવ્યા હતા. આમાં A-50, TU-95 અને TU-22 જેવા સ્ટ્રેટેજિક બોમ્બરનો નાશ કરવામાં આવ્યો હતો.રિપોર્ટ અનુસાર, યુક્રેનિયન સુરક્ષા એજન્સી (SBU)એ આ હુમલો કર્યો હતો, જેમાં FPV (ફર્સ્ટ-પર્સન-વ્યૂ) ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. SBUના એક અધિકારીએ જણાવ્યું હતું કે આ હુમલો સ્વ-બચાવમાં કરવામાં આવ્યો હતો કારણ કે રશિયન વિમાનો વારંવાર યુક્રેનિયન શહેરોને નિશાન બનાવે છે. પ્રારંભિક અંદાજ મુજબ, નુકસાનની કિંમત 2 અબજ યુએસ ડોલર (રૂ.17 હજાર કરોડથી વધુ) સુધી પહોંચી શકે છે. રશિયાનું બેલાયા એરબેઝ યુક્રેનિયન સરહદથી લગભગ 4 હજાર કિમી દૂર છે અને ઓલેન્યા એરબેઝ લગભગ 1800 કિમી દૂર છે.

### ઓવૈસીએ અલ્જીરિયામાં કહ્યું- PAK આતંકવાદને પ્રોત્સાહન આપે છે

અલ્જીરિયા : ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીન (AIMIM)ના વડા અસદુદ્દીન ઓવૈસીએ પાકિસ્તાન પર આતંકવાદને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો છે. કુખ્યાત આતંકવાદી ઝાકીઉર રહેમાન લખવીનું ઉદાહરણ આપતા તેમણે જણાવ્યું કે પાકિસ્તાનની જેલમાં કેદ રહીને તે કેવી રીતે બાળકનો પિતા બન્યો. તેમણે શનિવારે અલ્જેરિયામાં કહ્યું: પાકિસ્તાન જેલમાં બંધ એક આતંકવાદી પિતા બન્યો. દુનિયાનો કોઈ પણ દેશ આતંકવાદના આરોપોનો સામનો કરી રહેલા આતંકવાદીને જેલમાંથી બહાર આવવા દેશે નહીં, પરંતુ તે જેલમાં બેસીને એક પુત્રનો પિતા બન્યો. ઓવૈસીએ કહ્યું કે, લખવી સામેનો કેસ પાકિસ્તાનના ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) ગ્રે લિસ્ટમાં આવ્યા પછી જ આગળ વધ્યો. તેમણે વિશ્વ સમુદાય અને FATFને અપીલ કરી કે પાકિસ્તાનને ફરીથી ગ્રે લિસ્ટમાં મૂકવામાં આવે જેથી તેની પ્રવૃત્તિઓ પર રોક લગાવી શકાય.તમને જણાવી દઈએ કે ઓવૈસી મોદી સરકારના આતંકવાદ વિરોધી સર્વપક્ષીય વિદેશી પ્રતિનિધિમંડળનો ભાગ છે. હાલમાં તેઓ અલ્જેરિયાના પ્રવાસે છે.

### ગાઝામાં ફરી ગોળીબાર, 32નાં મોત : 232 લોકો ઘાયલ થયા

ગાઝા : રવિવારે દક્ષિણ ગાઝામાં જમવાનું આપતા સમયે થયેલી ગોળીબારમાં ઓછામાં ઓછા 32 પેલેસ્ટિનિયનોના મોત થયા હતા.ગાઝાના રાજ્ય મીડિયા કાર્યાલયે જણાવ્યું હતું કે ઈઝરાયલી દળોએ રવિવારે દક્ષિણ ગાઝા શહેર રફાહમાં એક સહાય વિતરણ કેન્દ્ર નજીક ગોળીબાર કર્યો હતો.આમાં 31 લોકોના મોત થયા હતા જ્યારે 200 લોકો ઘાયલ થયા હતા. આ ઉપરાંત, મધ્ય ગાઝાના નેત્ઝારીમ કોરિડોરમાં એક સહાય કેન્દ્ર પર પણ ગોળીબાર કરવામાં આવ્યો હતો.આમાં એક પેલેસ્ટિનિયન વ્યક્તિનું મોત થયું છે, જ્યારે 32 લોકો ઘાયલ થયા છે. ગાઝામાં ખોરાક વિતરણનું કામ એક અમેરિકન એજન્સી GHF દ્વારા ચલાવવામાં આવી રહ્યું છે.જોકે, ઈઝરાયલી સૈન્યએ કહ્યું કે સહાય વિતરણ કેન્દ્ર નજીક તેના સૈનિકો દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં કોઈ ઘાયલ થયાની તેમને જાણ નથી. સેનાએ કહ્યું કે આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે.તે જ સમયે, અલ-જઝીરાના અહેવાલ મુજબ, 27 મે થી 1 જૂન દરમિયાન ગાઝામાં ખોરાક વિતરણ દરમિયાન થયેલા ગોળીબારમાં 49 લોકોના મોત થયા છે. તે જ સમયે 300થી વધુ લોકો ઘાયલ થયા છે.

### ઈરાને લશ્કરી ગ્રેડ યુરેનિયમનો સ્ટોક વધાર્યો:UN મોનિટરિંગ એજન્સીનો દાવો

તેહરાન : ઈરાને પોતાના લશ્કરી ગ્રેડ યુરેનિયમ એટલે કે શુદ્ધ યુરેનિયમનો સ્ટોક 60% સુધી વધારી દીધો છે. સંયુક્ત રાષ્ટ્ર પરમાણુ નિરીક્ષક સંસ્થા, આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી (IAEA)એ એક ગુપ્ત અહેવાલમાં આ દાવો કર્યો છે. આ યુરેનિયમ પરમાણુ હથિયાર બનાવવાની ખૂબ નજીક માનવામાં આવે છે. એજન્સીએ ઈરાનને સહયોગ વધારવા અને તેની નીતિ બદલવાની અપીલ કરી છે. આ રિપોર્ટ એવા સમયે આવ્યો છે જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે પરમાણુ કરાર ફરી શરૂ કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. વાતચીત ચાલી રહી છે, પરંતુ હજુ સુધી કોઈ નક્કર પરિણામ આવ્યું નથી. દરમિયાન, ઈઝરાયલે કહ્યું કે IAEA રિપોર્ટ દર્શાવે છે કે ઈરાન પરમાણુ શસ્ત્રો બનાવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. તેમણે અપીલ કરી છે કે આંતરરાષ્ટ્રીય સમુદાય તાત્કાલિક પગલાં લે.IAEAના અહેવાલ મુજબ, 17 મે સુધીમાં ઈરાને 60% શુદ્ધતા ધરાવતું 408.6 કિલોગ્રામ યુરેનિયમ એકઠું કરી લીધું હતું. આ ફેબ્રુઆરી કરતાં 50% વધુ છે. યુરેનિયમનું આ સ્તર 90% શુદ્ધ શસ્ત્રો-ગ્રેડ યુરેનિયમથી માત્ર એક ડગલું દૂર છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

ફફડાટ

ચેક પરતના કેસોમાં આરોપી આલમમાં ફફડાટની લાગણી ફેલાઈ ગઈ છે

# ચેક પરતના કેસમાં 6 મહિનાની સજા ફરમાવતી ભરૂચ અદાલત, ચેકની બે લાખની રકમ ચૂકવવા આદેશ

## નોટીસ આરોપીને મળી જવા છતાં આરોપીએ નોટીસનો અમલ કરેલો નહી : નોટીસની સમય મર્યાદા પૂર્ણ થતાં ફોજદારી ફરિયાદ

• કેતન મહેતા,ભરૂચ

ભરૂચના જીગર જે.દિવાન નામની વ્યકિતએ પોતાના વિસ્તારમાં વસવાટ કરતા અને નાનપણના મિત્ર એવા હર્ષિલભાઈ પાસેથી તા.16/09/2021ના અરસામાં ઈન્વેસ્ટમેન્ટ કરવા માટે રૂપિયા 2,00,000 રોકવા લલચાવ્યા હતા અને તે જ દિવસે હર્ષિલભાઈએ જીગર જે.દિવાનને રૂપિયા 2,00,000 ચેક મારફતે ટ્રાન્સફર કર્યા હતા, ત્યાર બાદ સને 2022-2023 નું વર્ષ પસાર થવા છતાં ઈન્વેસ્ટમેન્ટમાંથી શું પ્રાપ્ત થયું? તેની કોઈ જાણકારી આપેલી નહી અને દર વખતે જીગર જે.દિવાન બહાના બતાવતા હતા અને આથી હર્ષિલભાઈ એ કંટાળીને જીગર જે. દિવાનને કહેલ કે, ઘણો વખત થયો સાચી માહિતી મળતી નથી મને મારા પૈસા પરત આપી દો. આથી જીગર જે. દિવાને, HDFC બેંક, લીંક રોડ, ભરૂચ શાખાનો તા.24/01/2023 નો રૂપિયા 2,00,000/- નો ચેક પ્રમેશ ઈન્વેસ્ટમેન્ટના ખાતાનો આપેલો જે ચેક તેમાં જણાવેલી તારીખે બેન્કમાં રજૂ કરતા સદર ચેક ફંડ ઈનશફીશ્યન્ટ બેલેન્સના કારણસર પરત આવેલો. આથી ફરિયાદી હર્ષિલભાઈએ આરોપી જીગર જે. દિવાનનો સંપર્ક કરતા તેઓએ કહેલ કે, “ચેક શું કામ નાંખ્યો? તમને મારે વ્યાજ સહિત પૈસા પરત આપવાના છે” તેવું જણાવલું, ત્યારબાદ આરોપી રૂબરૂ મળેલા નહી. આથી ફરિયાદી હર્ષિલભાઈએ તેમના વકીલ મહેન્દ્ર એમ.કંસારા મારફતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ 138 મુજબની નોટીસ જીગર જે.દિવાનને આપેલી અને તે નોટીસ આરોપીને મળી જવા છતાં આરોપીએ નોટીસનો અમલ કરેલો નહી. આથી નોટીસની સમય મર્યાદા પૂર્ણ થતાં ફોજદારી ફરિયાદ ભરૂચની ફોજદારી અદાલતમાં હર્ષિલભાઈએ તેમના વકીલ મહેન્દ્ર એમ. કંસારા મારફતે દાખલ કરાવેલી અને તે કેસમાં ફરિયાદીએ સોગંદ ઉપર જુબાની આપેલી અને અસલ ચેક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા અને સાક્ષીઓ પણ તપાસેલા.

ઉપરોકત કેસ ભરૂચના સાતમા વધારાના સીવીલ જજ અને જે.એમ.એફ.સી આર.એ.ચૌહાણ સાહેબની કોર્ટમાં ચાલી જતા તા.30/05/2025ના રોજ આરોપી જીગર જે.દિવાનને ચેક પરતના કેસમાં કસુરવાર ઠેરવી 6 માસની કેદની સજા તથા ચેકની રકમ રૂપિયા 2,00,000 ચૂકવવાનો હુકમ કરેલ છે. જેના પરિણામે ચેક પરતના કેસોમાં આરોપી આલમમાં ફફડાટની લાગણી ફેલાઈ ગઈ છે.



નગરની બહારના સોસાયટી વિસ્તારના લોકોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે

# ડભોઈ નગરપાલિકા દ્વારા ચોમાસાને ધ્યાને લઈ વરસાદી કાંસોની સફાઈ કરવામાં આવી

પાણી પહેલા પાળ

મોટા પ્રમાણમાં ઝાડી-ઝાખરા,ઘાસ તેમજ બાવળિયા ઉગી નીકળેલા હોય તેની સંપૂર્ણ સાફ કરાયો

**અગામી સમયમાં ચોમાસા સીઝનને કારણે વરસાદી પાણીનો યોગ્ય નિકાલ કરવા અર્થે આ કામગીરી અતિ મહત્વની**

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ નગરપાલિકા દ્વારા ચોમાસાને ધ્યાને લઈ વરસાદી કાંસોની સફાઈ કરવામાં આવી રહી છે. અગામી સમયમાં ચોમાસા ઋતુ શરૂ થનાર હોઈ, નગરમાં પડતો વરસાદ તેમજ ઉપરવાસમાંથી આવતું વરસાદી પાણીના નિકાલ માટે ડભોઈ નગરપાલિકા દ્વારા હિરો ભાગોળ ખાતે આવેલ ગોવિંદેશ્વર તળાવથી શરૂ કરી નાદોદી ભગોળ થી વડોદરા ભાગોળ થઈ વેગાવાડીઓ સુધીના વરસાદી કાંસ તેમજ નગરની દક્ષિણ દિશામાં આવેલ નર્મદા કેનાલની સમયાંતર બનેલ વરસાદી કાંસ સંપૂર્ણ સફાઈની કામગીરી હાથ ધરેલ છે. નર્મદા કેનાલના કારણે વરસાદી પાણી ડભોઈ નગર તરફના ભાગે ભરાઈ રહેતું હોય નર્મદા કેનાલની બાજુમાં બનાવવામાં આવેલ ખુલ્લો વરસાદી કાસ જેમાં મોટા પ્રમાણમાં ઝાડી-ઝાખરા,ઘાસ તેમજ બાવળિયા ઉગી નીકળેલા હોય તેની સંપૂર્ણ સાફ કારી, આ કાંસ દ્વારા નગર વિસ્તારમાં આવતું વરસાદી પાણી ભૂખીના કાંસ સુધીની વરસાદી કાંસ સફાઈની કામગીરી જીસીબી મશીન તથા હિટાચી મશીન તેમજ ટ્રેકટરોનો ઉપયોગ કરી ડભોઈ નગરપાલિકા દ્વારા પ્રિમોન્સૂન કામગીરી હાથ ધરવામાં આવી છે. હાલના તબકે કાંસ માંથી નીકળતો કચરો ભીનો હોઈ, રોડની બાજુમાં એકત્ર કરવામાં આવી રહ્યો છે. જે કચરો સુકાયા બાદ ત્યાંથી હટાવી યોગ્ય જગ્યાએ તેનો પણ નિકાલ કરવાની કામગીરી કરવામા આવનાર છે. અગામી સમયમાં ચોમાસા સીઝનને કારણે વરસાદી પાણીનો યોગ્ય નિકાલ કરવા અર્થે આ કામગીરી અતિ મહત્વની હોય અગામી ચોમાસા સમયે લોકોને મુશ્કેલીનો સામનો ન કરવો પડે તેમજ કોઈપણ નગરજનના ઘરમાં વરસાદી પાણી ભરાઈ નહીં ઘર વખરીસમાનને નુકશાન ન થાય તે અર્થે ડભોઈ નગરપાલિકા દ્વારા આ સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે જેનાથી નગરની બહારના સોસાયટી વિસ્તારના લોકોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.





અહલ્યાબાઈ હોલકરની ૩૦૦મી જન્મ જયંતી નિમિત્તે

# શહેરમાં ૧૨.૭૦ કરોડના વિકાસના કામોને લીલીઝંડી આપતાકેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂત

**પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 5 લાભાર્થીઓને મકાનોની ચાવી અર્પણ કરીનગરપાલિકાના ૫૯ પેન્શનરોને હકરજાનાપગારના ૫૦ - ૫૦ હજારના ચેકઅર્પણ કરાયા**

• સિદ્ધપુર

રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ તથા અન્ય વિભાગો દ્વારા નગરપાલિકાને સ્વર્ણિમ જયંતીમુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, સ્વચ્છ ભારત મિશન , અમૃત -૨હેડ હેઠળ પૂર્ણ થયેલ રૂ.૪ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ અને રૂપિયા ૮:૭૦ કરોડના કામોનું ખાત મુહૂર્તકરવામાં આવ્યું.

રૂપિયા ૨૮ લાખનાખર્ચે પસવાદળની પોળખાતે સર્વજ્ઞાતિ માટે કમ્યુનિટી હૉલબનાવાશે તેમજ રૂ ૨.૭૬ કરોડના ખર્ચે રાજપુર ખાતે આવેલ તળાવ નું ડેવલોપમેન્ટ કરવામાં આવશે સાથે શહેરના તમામ રોડ રસ્તાઓનુ નવીનીકરણ કરવામાં આવશે , જેના થીશહેર સહિત રાજપુરના લોકો માટે એક રમણીય સ્થળ ઊભું થશે જેનો લોકોને ફાયદો થશે. સિધ્ધપુર નગરપાલિકાના પ્રમુખ અનીતાબેન પટેલે જણાવ્યું હતું કે ખોલવાડા ખાતે રૂ ૪૮ કરોડ ના ખર્ચે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન એટલે ગંદા પાણીને સાફ કરી ખેતી માટે સિંચાઈમાં ઉપયોગ લેવાના પ્લાન્ટનું કામ પણ પ્રગતિમાં છે.

જેનો ફાયદો આવનાર સમયમાં માં અનેક ખેડૂતોને થશે સિદ્ધપૂર ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ લાભાર્થી લક્ષ્મીબેન મણિલાલ પટેલ ,પ્રવિણાબેન દીપકભાઈ બારોટ , અજય કુમાર પરસોત્તમભાઈ વાળંદ , સોમાભાઈઈશ્વરભાઈ મકવાણા અને પાર્વતીબેન નરસીભાઈ રાઠોડને રાજ્યના કેબિનેટ મંત્રી બલવંતસિહ રાજપૂતના હસ્તે મકાનોનીચાવી અર્પણ કરવામાં આવી હતી સિદ્ધપુર નગરપાલિકામાં વર્ષ ૨૦૧૭ થી નિવૃત થેયલ કર્મચારીઓને હક રજાના પગારની રકમ લાંબા સમયથી અટકેલી હતી જેના ભાગરૂપે પાલિકાના નિવૃત થયેલા ૫૯ જેટલા પેન્શનરોને રૂ ૫૦ - ૫૦ હજારના પ્રથમ તબ્બકાના ચેકઆપવામાંઆવ્યા હતા.

આ પેન્શનરો વર્ષોથી પોતા રકમ મેળવવારજૂઆતો કરતાં હતા જ્યારે આ બાબત ની જાણ કેબિનેટ મંત્રી બલવંતસિહ રાજપૂતને થતાં નગરપાલિકાઅધિકારીઓને આ બાબતના નિરાકરણ માટે સૂચના આપી હતી જેના કારણે આજે ૫૯ જેટલપેન્શનરોને પ્રથમ તબક્કાની રકમનો લાભ મળ્યોહતો. આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ રમેશભાઈ સિંધવ, પ્રદેશ ઉપાધ્યક્ષ નંદાજી ઠાકોર , પ્રદેશ કારોબારી સભ્ય સુશીલબેન પટેલ , એપીએમસી ચેરમેન વિષ્ણુભાઈ પટેલ , પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ વિક્રમસિંહ ઠાકોર , રણજીતસિહ સોલંકી , કૌશલ જોશી , શંભુભાઈ દેસાઇ , જશુભાઈ પટેલ , મનીષભાઈ આચાર્ય , દિલીપસિહઠાકોર, ઉપપ્રમુખ સોનલબેન ઠાકર, અંકુરભાઈ મારફતિયા , રશ્મિનભાઈ દવે, મનીષભાઈ આચાર્ય સહિત પાલિકાના કોર્પોરેટરશ્રીઓ, પક્ષનાહોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમનું સુંદર સંચાલન જે.ડી.પટેલે કર્યું હતું તેમજ આભાર વિધિ ઓફિસર કૃપેશ પટેલે કરી હતી

# પ્રાંતિજ ના પલ્લાચર ખાતે જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી

• ઉમંગ રાવલ સાબરકાંઠા

પ્રાંતિજ ના પલ્લાચર ખાતે ગાળો-બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા પોલીસ ફરિયાદ થઈ ધાળીયુ લઈ આવી ઘર તરફ છુટ્ટા પથ્થર નાખ્યાપ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ત્રણ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થઈપ્રાંતિજ પોલીસે ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરીસાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના પલ્લાચર ખાતે મા બેન સામી ગાળો-બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ત્રણ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થઈ પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર થી મળતી માહિતી મુજબ પ્રાંતિજ ના પલ્લાચર ખાતે રહેતા મીનાબેન રમેશભાઈ બારોટ દ્વારા સીમાબેન ને કહેવા લાગ્યા કે તમે મારા ઘરની વાડ તરફ કેમ જોઈ રહોછો તેમ કહી મા-બહેન સામી ગાળો બોલી બિભસ્ત વર્તન કયુ તો તેવાનુ ઉપરાડુ લઈ દર્શન ઉર્ફે સાગર રમેશભાઈ બારોટ તેના હાથ મા ધાળીયુ લઈ આવી તેમજ રમેશભાઈ હીરાભાઈ બારોટ ભેગા થઈ સીમાબેન ના ઘર તરફ છુટ્ટા પથ્થરો નાખી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી એકબીજા ની મદદત ગીરી કરી જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબ ના જાહેરનામ નો ભંગ કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા સીમાબેન જગદીશસિંહ ચૌહાણ દ્વારા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે મીનાબેન રમેશભાઈ બારોટ , દર્શન ઉર્ફે સાગર રમેશભાઈ બારોટ , રમેશભાઈ હીરાભાઈ બારોટ તમામે-તમામ રહે પલ્લાચર તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા વિરૂધ્ધ આઈપીસીકલમ ૩૫૨,૩૫૧(૩),૧૨૫,૫૪ મુજબ ગુનોનોંધી આગળ ની તપાસ પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના હેડ કોન્સ્ટેબલ હિંમતસિંહ પુંજસિંહ દ્વારા હાથ ધરવામા આવી છે

# ખરોડ ગામે અવાવરું સ્થળે કતલ કરવાના ઇરાદે બાંધી રાખેલી 8 ગાય અને 3 વાછરડાને મુક્ત કરાવતી પાનોલી પોલીસ

• કેતન મહેતા, પાનોલી

ખરોડ ગામે અવાવરું સ્થળે કતલ કરવાના ઈરાદે બાંધી રાખેલી 8 ગાય અને 3 વાછરડાને મુક્ત કર્યા હતા. ચોક્કસ માહિતી આધારે પાનોલી પોલીસે કાર્યવાહી કરી 8 ગાય અને 3 વાછરડાને મુક્ત કરાવી પાંજરાપોળ મોકલી આપ્યા હતા. પોલીસે પ્રાથમિક નોંધ કરી કોણે બાંધ્યા હતા અને કોની માલિકીના હતા તે અંગે તપાસ શરૂ કરી હતી. ખરોડ ગામ ખાતે આગામી બકરા ઈદને અનુલક્ષીને કોઈ ઈસમ ગામના સિદી તળાવ પાસે આવેલ ચવાળા વગામાં 8 ગાય અને 3 વાછરડાને બાંધી રાખ્યા છે. તેવી માહિતી પાનોલી પોલીસને મળતા વહેલી પરોઢે સર્ચ કરતા વગામાં ઝાડ સાથે 8 ગાય અને 3 વાછરડા બાંધી રાખેલી હાલતમાં નજરે પડ્યા હતા. જો કે સ્થળ પર કોઈ ઈસમ ન મળી આવતા પોલીસે પ્રાથમિક 8 ગાય અને 3 વાછરડાને મુક્ત કરાવીને પાંજરાપોળ ખાતે મોકલવાની તજવીજ હાથ ધરાઈ હતી.



ડભોઈ નગરપાલિકા માં ફરજ બજાવતા કર્મચારી ડાહ્યા ભાઈ વણકર વય નિવૃત

# સન્માન કરી મોમેન્ટો આપી વિદાય અપાઈ

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ નગરપાલિકા માં ફરજ બજાવતા કર્મચારી ડાહ્યા ભાઈ વણકર વય નિવૃત થતા પાલિકા પ્રમુખ સહિત સહકર્મીઓ દ્વારા તેઓનું ફુલહાર થી સન્માન કરી મોમેન્ટો આપી વિદાય આપી હતી. .ડભોઈ નગરપાલિકા માં વર્ષ 2003 થી મેલેરિયા ખાતા ,દબાણ શાખા તેમજ અન્ય કામગીરી થકી નગરપાલિકા માં નિર્વિવાદ પોતાનું કાર્યકાળ ઈમાનદારી પૂર્વક નિભાવી આજરોજ ડાહ્યા ભાઈ વણકર વય નિવૃત થતા તેઓનો વિદાય સમારંભ યોજાયો હતો.આ પ્રસંગે પાલિકા પ્રમુખ બીરેનભાઈ શાહ દ્વારા તેઓનું ફુલહાર કરી મોમેન્ટો આપી સન્માન કર્યું હતું સાથે જ જણાવ્યું હતું કે ડાહ્યા ભાઈ વણકર ખૂબ જ શાંત ખૂબ જ સિનિયર કર્મચારી છે અને પાલિકા માં આવતા કોર્પોરેટરો તેમજ નવીન કર્મચારીઓ ને તેઓના અનુભવ થકી ઘણું શીખવા મળતું હોય છે.તેઓના કાર્યકાળ દરમિયાન ખૂબ ઓછી રજા પાડી અને હંમેશા ઈમાનદારી પૂર્વક પોતાની ફરજ નિભાવી હતી.આજરોજ તેઓના વિદાય સમારંભ માં પાલિકા ના પ્રમુખ સાથે સાથી કર્મચારીઓ એ ભારે હૈયે વિદાય આપી આવનારું જીવન તંદુરસ્ત અને પરિવાર સાથે ખુશહાલ વિતાવે તેવી શુભેચ્છા આપી હતી.આ પંસગે અતુલ ભાઈ ભટ્ટ મહેશભાઈ વસાવા. ડભોઈ નગરપાલિકાના પ્રોજેક્ટ મેનેજર મહેશભાઈ પરમાર સહિત કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા



# વડગામ તાલુકાના મોકેશ્વર પાસેથી યુવકનો શંકાસ્પદ મૃતદેહ મળી આવ્યો

## યુવકનો મૃતદેહ કોવાયેલી હાલતમાં મોંઢે રૂમાલ ઢોકેલો ગળે દોરી બાંધેલી હાલતમાં મળી આવતાં લોકોમાં તર્કવિતર્ક

• વડગામ

વડગામ તાલુકાના મોકેશ્વર પાસેથી એક યુવકનો કોવાયેલી હાલતમાં બદબુ મારતો મૃતદેહ ગળે દોરી બાંધેલી હાલતમાં મળી આવતાં લોકોમાં તર્કવિતર્ક સાથે અનેક સવાલો ખડા થવા પામ્યા છે. વડગામ તાલુકાના મોકેશ્વર ડેમ પાસે આવેલા ખરાબાની જગ્યામાં એક યુવકને ગળે દોરી બાંધેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો.જે યુવક બેઠેલી હાલતમાં હોવાનું જાણવા મળ્યું હતું.યુવકનો મૃતદેહ કોવાય ગયેલ હોવાથી ભારે બદબુ મારતી હોવાથી લોકોમાં આશંકાઓ ઉપજી હતી જેમાં યુવકનું ત્રણ ચાર દિવસ પહેલાં મોત થયું હોય તેવી ચર્ચાઓ ઉપસ્થિત લોકોમાં થઈ રહી હતી.આ યુવકના મૃતદેહને લઈને તાલુકા ભરના લોકોમાં અનેક ચર્ચાઓ એ જોર પકડ્યું છે.યુવકે ની હત્યા કરાઈ છે.કે ! પછી આત્મહત્યા કરી છે ! તે તો પોલીસ નો તપાસ નો વિષય છે પરંતુ યુવકનો મૃતદેહ માત્ર દોરી થી બાંધેલો મોંઢે રૂમાલ ઢાંકેલી હાલતમાં અને જમીન પર બેઠેલી હાલતમાં કોવાયેલો મૃતદેહ મળી આવ્યો હતો.જેની જાણ વડગામ પોલીસ ને થતાં જ વડગામ પોલીસ ઘટના સ્થળે પહોંચી ને બદબુ મારતા મૃતદેહને મેમદપુર સી.એચ.સી.ખાતે પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપી ને આગળ ની તજવીજ હાથ ધરી હતી.

ન્યૂઝ ફોકસ

ઉમેદવારોને સ્વરોજગાર લોન સહાય અંગે તેમજ ઉદ્યોગ સાહસીકતા સ્ટાર્ટ અપ અને ફ્રી કન્સ્ટ્રકશન તાલીમ, સોલાર ટેકનીશયન તેમજ સોફ્ટ સ્કીલ જેવી વોકેશનલ સ્કીલ તાલીમ તેમજ સંરક્ષણ ભરતી પુર્વેની ૩૦ દિવસની ફ્રી નિવાસી તાલીમમા જોડાવા અંગે ઉમેદવારોની પસંદગી કરવામા આવી હતી

# માર્ગદર્શન શીબીર અને રોજગાર મેળો યોજવામા આવ્યો હતો

આદિવાસી સમાજ ,ડભોઈ અને મોડેલ કરિયર સેન્ટર, મદદનીશ નિયામક રોજગાર ની કચેરી વડોદરા નાં સંયુક્ત ઉપક્રમે મેળો યોજાયો

• ફકીરા ખત્રી ડભોઈ

મોડલ કરિયર સેન્ટર, મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી વડોદરા અને સમસ્ત આદિવાસી સમાજ, ડભોઈ ના સંયુકત ઉપક્રમે તા ૩૧.૫.૨૦૨૫ ના રોજ સતરગામ પટેલ સમાજની વાડી, યમુનાનગર , ડભોઈ ખાતે તમામ કેટેગરીના ઉમેદવારો માટે ઓદ્યોગિક રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળો અને સ્વરોજગાર માર્ગદર્શન શીબીર યોજવામા આવી . જેમાં વડોદરા જીલ્લાના ૧૫ જેટલા નોકરીદાતા દ્વારા ૫૦૦ થી વધુ ટેકનીકલ અને નોન ટેકનીકલ જગ્યા માટે ઈન્ટરવ્યુ લેવા હાજર રહ્યા હતા . જેમા દિવ્યાંગ ઉમેદવારો માટે ૩૦ થી વધારે જગ્યા માટે ૨ નોકરીદાતા હાજર રહ્યા હતા .ભરતી મેલામા શંકર પેકેજીંગ વાધોડીયા,બાંકો એલ્યુમીનીયમ ભાયલી,વોલ્ટાસ વાધોડીયા,રોકમેન ઈન્ડસ્ટ્રીઝ,પીજીપી ગ્રુપ કોસંમા ગ્લાસ લી ,ઈનોવેટીવ કુજીન પ્રા લી , એપોલો ટાયર લી જેવી મેન્યુફેકચરીંગ જેવી કંપનીઓ તેમજ બંસલ સુપર માર્ટ ,સ્વીગી લી જેવી સર્વીસ સેકટરની કંપનીના પ્રતીનીધી હાજર રહ્યા હતા . ધો ૧૦.પાસ, ૧૨ પાસ, આઇ.ટી.આઇ., ડીપ્લોમા અને ગ્રેજ્યુએટ થયેલ ૧૮ થી ૩૫ વર્ષનાં ૨૦૦ થી વધારે ઉમેદવાર ભાગ લીધો હતો .ઉમેદવારોને સ્વરોજગાર લોન સહાય અંગે તેમજ ઉદ્યોગ સાહસીકતા સ્ટાર્ટ અપ અને ફ્રી કન્સ્ટ્રકશન તાલીમ, સોલાર ટેકનીશયન તેમજ સોફ્ટ સ્કીલ જેવી વોકેશનલ સ્કીલ તાલીમ તેમજ સંરક્ષણ ભરતી પુર્વેની ૩૦ દિવસની ફ્રી નિવાસી તાલીમમા જોડાવા અંગે ઉમેદવારોની પસંદગી કરવામા આવી હતી તેમજ વિદેશ અભ્યાસ અને રોજગારી માટે સેફ લીગલ માઈગ્રેશન અંગે વિના મુલ્યે માર્ગદર્શન આપવામા આવ્યુ હતુ તેમજ ઓનલાઈન રોજગારી શોધવા માટે ગુજરાત સરકારના અનુબંધમ પોર્ટલ અને ભારત સરકારના એન.સી.એસ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કેમ્પ યોજવામા આવ્યો હતો .ભરતી મેલામા ભાગ લેવા માટે રોજગાર કચેરી દ્વારા મફત મુસાફરી એસ ટી કુપનો પણ આપવામા આવેલ હતી .કાર્યક્રમા જીલ્લા પંચાયતના ઉપ પ્રમુખશ્રી અશ્વીન પટેલ,તેમજ મદદનીશ નિયામક રોજગારશ્રી અલ્પેશ ચૌહાણ તથા રોજગાર કચેરીના સ્ટાફ તેમજ સમસ્ત આદિવાસી સમાજ ડભોઈના પ્રમુખ શૈલેષભાઈ વસાવા, અમિત કુમાર વસાવા, વિઠ્ઠલભાઈ વસાવા, રાજુભાઈ વસાવા અને કાર્યકર ઉપસ્થીત રહીને ઉમેદવારોને રોજગાર અને સ્વરોજગાર માટે પ્રોત્સાહીત કર્યા હતા .ભરતી મેલામા ૧૦૦ જેટલા ઉમેદવારોની નોકરીદાતા દ્વારા પ્રાથમીક પસંદગી કરીને રોજગારીની તકો પુરી પાડવામા આવી હતી .જેમા ૭ દિવ્યાંગ ઉમેદવારોની પસંદગી કરવામા આવી હતી



**રાહત-બચાવ** અંધાધૂધ ફાયરીંગ કરી રહેલા ૨ આંતકવાદીઓ ઠાર મરાયા, અન્ય ૨ આંતકવાદીઓની અટક - વહીવટી તંત્રે રાહત-બચાવની કામગીરી શરૂ કરી

# દહેજ એલ.એન.જી પેટ્રોનેટ ખાતે ’ઓપરેશન શિલ્ડ‘ અન્વયે હવાઈ હુમલા અંગે મોકડ્રિલ યોજાઈ

**આંતકવાદીઓએ નાખેલા બોમ્બ પર બોમ્બ સ્કોડ દ્વારા “ બોમ્બ બેન્કેટ” નાખી દેવામાં આવતા મોટી જાનહાની ટળી : એલ.એન.જી પેટ્રોનેટના સર્વર ઉપર સાયબર એટેકઃ તુરંત જ એક્સપર્ટ દ્વારા ડીફેક્સન કરાયું**

• કેતન મહેતા, દહેજ

ભરૂચ જિલ્લાના દહેજ સ્થિત એલ.એન.જી પેટ્રોનેટ એકમ ખાતે ડ્રોન દ્વારા હવાઈ હુમલો થતાં ભરૂચ જિલ્લા વહીવટી તંત્રે તત્કાલ “ઓપરેશન શિલ્ડ” અન્વયે રાહત બચાવની કામગીરી શરૂ કરી હતી.

એલ.એન.જી પેટ્રોનેટ પર ડ્રોન હુમલા બાદ નાગરિકોને સલામત સ્થળે ખસેડવાથી લઈને ઘાયલ નાગરિકોને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. મેડિકલ ટીમ દ્વારા ઘાયલોને તત્કાલ હોસ્પિટલ પહોંચાડવાની કામગીરી કરાઈ હતી.

“ઓપરેશન શિલ્ડ”હેઠળ ’એર રેઈડ સાયરન‘ સંબંધિત મોકડ્રિલનું દહેજ એલ.એન.જી પેટ્રોનેટ ખાતે આયોજન કરાયું હતું. ’ઓપરેશન શિલ્ડ અભ્યાસ‘ અન્વયે યોજાયેલી મોકડ્રિલનો મુખ્ય ઉદ્દેશ્ય કોઈપણ પ્રકારના હવાઈ હુમલાની સ્થિતિમાં નાગરિકોને સુરક્ષિત રાખવા અને અસરકારક નાગરિક સંરક્ષણ સુનિશ્ચિત કરવાનો હતો. યુદ્ધ જેવી આકસ્મિક સ્થિતિમાં નાગરિકોની સુરક્ષા હેતુ હુમલાનો પ્લાન મોકડ્રિલ હેઠળ તૈયાર કરીને વહીવટી તંત્રની પૂર્વ તૈયારીઓનો વાસ્તવિક અભ્યાસ કરવામાં આવ્યો હતો.

એલ.એન.જી પેટ્રોનેટ પર ડ્રોન દ્વારા હવાઈ હુમલા અંગે એલ.એન.જી પેટ્રોનેટથી નાગરિક સંરક્ષણ કંટ્રોલરૂમ ખાતે “એર રેઈડ”નો હોટ લાઈનથી સંદેશો મળતા જ નિયંત્રક દ્વારા તત્કાલ સાયરનની મદદથી લોકોને ખતરા વિશે સચેત કરાયા હતા. ઉપરાંત નાગરિક સંરક્ષણની તમામ સેવાઓને જરૂરી આદેશ ઉપરાંત ઉચ્ચકક્ષાએ કોમ્યુનિકેશન માટે જરૂરી વ્યવસ્થા, સુનિશ્ચિત જરૂરી આદેશ આપવામાં આવ્યા હતા. એર રેઈડ સિગ્નલ મળતા બચાવ-રાહત માટે તમામ ટીમ ઘટના સ્થળે પહોંચી હતી.

એકમમાં કામ કરતા લોકોને સલામત સ્થળે પહોંચાડવા તથા જે નાગરિકો નથી પહોંચી શક્યા તેઓની સલામતી સુનિશ્ચિત કરવા પોલીસ,રાહત-બચાવની કામગીરી આરંભી ઘટના સ્થળને સિક્યોર કર્યું હતું. હવાઈ હુમલાનો સંદેશ મળતા જ રેસ્ક્યુ કામગીરી સાથે ફર્સ્ટ એઈડ પાર્ટી દ્વારા ઘટના સ્થળે પ્રાથમિક સારવાર શરૂ કરવામાં આવી હતી.

એર રેઈડમાં સલામત રહેલા લોકોને સ્થળાંતરિત કરીને તંત્ર દ્વારા તત્કાલ સલામત સ્થળે પહોંચાડવા સાથે આ ઘટના દરમ્યાન ૯ જેટલા લોકો ઘાયલ થયા હતા. વધુ ઘાયલ નાગરિકોને નજીક આવેલી જોલવા હોસ્પિટલ ખાતે, સામાન્ય ઈજાગ્રસ્તોને એલ.એન.જી પેટ્રોનેટના ઓ.એચ.સી. સેન્ટર ઉપર તેમજ અન્ય નાગરિકોને ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.



સી.આઈ.એસ.એફ ઘાયલ જવાનોને સારવાર આપવા તબીબી ટીમ સાથે પહોંચી

# ઓપરેશન શિલ્ડ અંતર્ગત સી.આઈ.એસ.એફ યુનિટ અંકલેશ્વર ખાતે મોકડ્રિલનું આયોજન

**યુદ્ધની તૈયારી** ૩૦ યુનિટ રક્તની જરૂરીયાત ઉભી થતા યુધ્ધના ધોરણે મદદ પહોંચાડવાની સ્થિતિ સુનિશ્ચિત કરાઈ

**સી.આઈ.એસ.એફ યુનિટ પર દુશ્મન તરફથી હુમલાની જાણકારી મળતા જ જિલ્લાના વિવિધ વિભાગોએ તાત્કાલિક સ્થળ પર પહોંચી બચાવ અને રાહત કામગીરી હાથ ધરી**





• કેતન મહેતા, અંકલેશ્વર

અંકલેશ્વર સ્થિત સી.આઈ.એસ.એફ યુનિટ પર ઓપરેશન શિલ્ડ અંતર્ગત મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મોકડ્રિલનો મુખ્ય ઉદ્દેશ્ય કોઈપણ અણધારી પરિસ્થિતિ, ખાસ કરીને સુરક્ષા સંબંધિત પડકારોનો સામનો કરવા માટેની સજ્જતા અને તાલમેલ ચકાસવાનો હતો. કટોકટીના સમયે વિવિધ સુરક્ષા એજન્સીઓ અને સ્થાનિક તંત્ર વચ્ચેનું સંકલન કેટલું મજબૂત છે તે સુનિશ્ચિત કરવા માટે આ કવાયત હાથ ધરવામાં આવી હતી.

જેમાં અંકલેશ્વર સી.આઈ.એસ.એફ યુનિટ ખાતે દુશ્મન તરફથી હુમલો થયો હતો. જેની જિલ્લા કંટ્રોલરૂમ તથા પોલીસ કંટ્રોલરૂમ ખાતે જાણકારી મળી હતી. સૂચના મળતા જ જિલ્લાના વિવિધ વિભાગો સ્થિતિ પર કાબુ મેળવવા સી.આઈ.એસ.એફ યુનીટ સ્થળ પર પહોંચ્યા હતા અને સામાન્ય ઈજા પામેલા ૨૫ જેટલા જવાનોને બચાવી સારવાર અપાઈ હતી. જ્યારે ૫ જેટલા વધુ ઈજાગ્રસ્તોને સારવાર આપવા તબીબી ટીમ સાથે ૩૦ યુનિટ રક્તની જરૂરીયાત ઉભી થતા યુધ્ધના ધોરણે મદદ પહોંચાડી હતી.

હુમલા અંગેની જાણકારી મળતા જ સમગ્ર જિલ્લા તંત્ર એલર્ડ મોડ પર આવી ગયું હતું. નાયબ કલેક્ટર અને સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ અંકલેશ્વર, મામલતદાર, પોલીસ વિભાગના અધિકારી સહિત વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા અને સમગ્ર સ્થિતિ પર કાબુ મેળવ્યો હતો.

નોંધનીય છે કે, ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ હોમ અફેર્સ દ્વારા સિવિલ ડીફેન્સ મોકડ્રીલનું આયોજન કરવાની સૂચના આપવામાં આવી હતી. જે અન્વયે ભરૂચ જિલ્લા સહિત રાજ્યભરમાં “ઓપરેશન શિલ્ડ” મોકડ્રિલ યોજાઈ હતી. “ઓપરેશન અભ્યાસ” બાદ “ઓપરેશન શિલ્ડ”નું આ બીજું આયોજન કરવામાં આવ્યું હતું.

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, ગુજરાત પ્રાંત, સંઘ શિક્ષા વર્ગનું આયોજન

**આમોદની સ્વામીનારાયણ વિદ્યાલય ખાતે કરવામાં આવ્યું**





• કેતન મહેતા, આમોદ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, ગુજરાત પ્રાંત, સંઘ શિક્ષા વર્ગનું આયોજન તા.16/05/2025 થી 31/05/2025 સુધી આમોદની સ્વામીનારાયણ વિદ્યાલય ખાતે કરવામાં આવ્યું હતું. આ સંઘ શિક્ષા વર્ગમાં કુલ 167 શિક્ષણાર્થીઓ 24 શિક્ષકો અને 30 પ્રબંધકો ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ગમાં ગુજરાતના નડિયાદથી ઉમરગામ સુધીના સ્વયંસેવકોએ વિવિધ વિષયો પરનું શિક્ષણ મેળવી શારીરિક, માનસિક અને બૌદ્ધિક વિકાસ કર્યો હતો. આ વર્ગ દરમિયાન ભોજનની વ્યવસ્થા સ્વરૂપે આમોદ-જંબુસરના કુલ 3018 પરિવારમાંથી દરેક સમાજમાંથી રોજ રોટલી-ભાખરી સહયોગ સ્વરૂપે આવી હતી.

સંઘ શિક્ષા વર્ગના સમારોહ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે રાજેન્દ્રસિંહ માંગરોલા ઉપસ્થિત રહ્યા હતા, જેમણે સંઘના 100 વર્ષ પૂર્ણ થવા બદલ અભિનંદન આપ્યા હતા અને વિશ્વાસ સાથે કહ્યું હતું કે દેશની મુશ્કેલીના સમયે સૌપ્રથમ દેશની પડખે ઉપસ્થિત રહેનાર સંગઠન એટલે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ.

મુખ્ય વક્તા શૈલેષભાઈ પટેલે તેમના ઉદબોધનમાં સ્વયંસેવકનું કર્તવ્ય એટલે સંઘની પ્રાર્થના. એક કલાકની શાખા દ્વારા અજય શક્તિ, જગત નમ્રતા, જ્ઞાન, ધ્યેનિષ્ઠા સાથે રાષ્ટ્ર પરમ વૈભવની કામના. સંઘના 100 વર્ષ પૂર્ણ થતા સંઘ શતાબ્દી વર્ષના રૂપમાં પંચ-પરિવર્તનના વિષય સાથે સ્વયંસેવક સમાજના દરેક ઘરે જઈ સમરસતા, પર્યાવરણ, સ્વ આધારિત, નાગરિક કર્તવ્ય અને કુટુંબ પ્રબોધન વિષય પર વાત કરશે અને સજ્જન શક્તિ જાગરણ દ્વારા સૌને વિશ્વ કલ્યાણ સાથે જોડવાની પ્રાર્થના કરશે.

આ વર્ગમાં રાજેશભાઈ જોષી (સર્વાધિકારી), તેજસભાઈ પટેલ (વર્ગ કાર્યવાહ), પ્રકાશભાઈ પટેલ (વર્ગના વાલી) તથા મનોજભાઈ કલસરિયા (મુખ્ય શિક્ષક) તરીકે પૂર્ણ સમય ઉપસ્થિત રહ્યા હતા. વર્ગ દરમિયાન સવારે 4:30 વાગ્યે જાગરણથી શરૂ થઈ રાત્રિના 10:15 વાગ્યા સુધીના સમયમાં સંઘકાર્ય વિસ્તાર અને

સિધ્ધપુર ડીવીઝન ગ્રીડ સ્ટાફની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીનો

# સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવાયો



• સિદ્ધપુર

સિદ્ધપુર સરકારી નર્સિંગ કોલેજ ખાતે સિધ્ધપુર ડીવીઝન ગ્રીડ સ્ટાફની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી.ના સુવર્ણ જયંતિ સમારોહ માન. કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ સમારોહ કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતના હસ્તે ઓફિસ ડાયરીનું વિમોચન તેમજ મૃત્યુ સહાય નિધિ અંતર્ગત પાંચ લાખનો ચેક અર્પણ, નિવૃત્ત કર્મચારીનુ સન્માન અને સભાસદોના ધોરણ ૧૦ અને ૧૨ વિદ્યાર્થીઓને શૈક્ષણિક ક્ષેત્રે સફળતા બદલ ઈનામ વિતરણ કરવામાં આવ્યું આ પ્રસંગે પૂર્વ મંત્રી વાસણભાઈ આહિર, યુજીવીસીએલ એમડી એન.એફ ચૌધરી, પ્રમુખ સુરેશભાઈ જી. દેસાઈ , સિનિયર જનરલ સેક્રેટરી બળદેવભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ , ચેરમેન જિલ્લા સહકારી સંઘ પાટણ, વી. બી. બોડાત - અધિક્ષક ઈજનેર, એ. એચ. પટેલ - કાર્યપાલક ઈજનેર, યુજીવીસીએલ., વિભાગીય કચેરી સિધ્ધપુર, વી. આર. ચૌધરી - કાર્યપાલક ઈજનેર, જેટકો, વિભાગીય કચેરી ખેરાલુ, કારોબારી સભ્યશ્રીઓ, ઉપસ્થિત રહ્યા હતા.

# અંકલેશ્વર GIDCમાં આવેલી મોહન પોલીમર્સ પ્રાઈવેટ લિમિટેડમાં ઘાયલ કર્મીનું મોત

• કેતન મહેતા, અંકલેશ્વર

અંકલેશ્વર GIDCમાં આવેલી મોહન પોલીમર્સ પ્રાઈવેટ લિમિટેડમાં એક મહિના પહેલા થયેલા એસિડ અકસ્માતમાં ઘાયલ થયેલા કર્મચારીનું મુંબઈમાં મોત, પરિવારે વળતરની માંગ કરી હતી. અંકલેશ્વર GIDCમાં આવેલી મોહન પોલીમર્સ પ્રાઈવેટ લિમિટેડમાં એક મહિના પહેલા થયેલા એસિડ અકસ્માતમાં ઘાયલ થયેલા કર્મચારીનું મુંબઈમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું છે.

17મી એપ્રિલે સવારે 11 વાગ્યે કંપનીના રિએક્ટરમાંથી એસિડ ઉડીને કર્મચારી ઉવધેસિંગ શિવલોચનસિંગ પર પડ્યું હતું. ગંભીર રીતે દાઝેલા ઉવધેસિંગને પ્રથમ અંકલેશ્વરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

તેમની તબિયત વધુ બગડતા મુંબઈની હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મૃત્યુ થયું હતું. મૃત્યુ બાદ મૃતકના પરિવારજનોએ કંપની ખાતે જઈને વિરોધ પ્રદર્શન કર્યું હતું.કંપની દ્વારા લેખિતમાં સહાયની ખાતરી આપવામાં આવી હોવા છતાં યોગ્ય વળતર ન મળતા પરિવારજનોએ ન્યાયની માંગ કરી છે. પરિવારજનોએ મૃતક ઉવધેસિંગને ન્યાય અપાવવા માટે યોગ્ય કાર્યવાહીની માંગણી કરી છે.

ભરૂચ સેશન્સ કોર્ટે કરમાડ ગામમાં કુહાડીથી હત્યા કરનાર

# આરોપીને આજીવન કેદ અને 50 હજારનો દંડ



• કેતન મહેતા, ભરૂચ

ભરૂચ જિલ્લાના કરમાડ ગામમાં 2019માં થયેલી હત્યાના કેસમાં આરોપીને ભરૂચની સેશન્સ કોર્ટે આજીવન કેદની સજા સાથે રૂપિયા 50,000નો દંડ ફટકાર્યો છે.

20 એપ્રિલ, 2019ના રોજ કરમાડ ગામના નવી નગરી વ્હાલુ ફળિયામાં આરોપી નરેન્દ્ર ઉર્ફે મુન્નો કરશનભાઈ વસાવાએ કમલેશ માનસિંહભાઈ વસાવાની હત્યા કરી હતી. નરેન્દ્રએ કમલેશને તેની પત્ની રેખાને શોધવા માટે ઘરે આવવા બાબતે ઝઘડો કર્યો હતો.

આરોપીએ કુહાડી વડે કમલેશના માથાના જમણા કાનની ઉપર ઘા ઝીંક્યો હતો. ગંભીર રીતે ઘાયલ કમલેશને રોડ પર ફેંકી દેવામાં આવ્યો હતો. કમલેશનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું.

ભરૂચ તાલુકા પોલીસે આ કેસની તપાસ હાથ ધરી હતી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર બી.ડી. વાઘેલાએ પૂરતા પુરાવા સાથે કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. બીજા એડિશનલ સેશન્સ જજ ઈ.એમ.શેખની કોર્ટમાં કેસ ચાલ્યો હતો.

સરકારી વકીલ મનોહરસિંહજી રાઠોડે 14 સાક્ષીઓની જુબાની અને 21 દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા. સરકારી પક્ષે આરોપીએ પૂર્વયોજિત રીતે હત્યા કરી હોવાનું સાબિત કર્યું હતું. તમામ પુરાવાઓની ચકાસણી બાદ કોર્ટે આરોપીને દોષિત ઠેરવ્યો હતો.

# પાસા એક્ટ હેઠળ એક ઇસમની ધરપકડ કરતી દહેજ પોલીસ



• કેતન મહેતા, દહેજ

પોલીસ ઈન્સ્પેકટર એચ.બી. ઝાલાનાઓએ દહેજ પો.સ્ટે. વિસ્તારમાં રહેતા સામાવાળા રાહુલભાઈ સુરેશભાઈ રાઠોડ (ઉ.વ.૨૫, ધંધો.મજુરી, રહે. દહેજ, ટાવર ફળિયું, તા.વાગરા, જી.ભરૂચ.) નાઓ વિરૂધ્ધમાં મહે. જીલ્લા મેજીસ્ટ્રેટ સમક્ષ પાસા દરખાસ્ત કરી મોકલતા મહે.જીલ્લા મેજિસ્ટ્રેટે પાસા દરખાસ્ત મંજુર કરી હુકમ કરતાં સામાવાળાને પાસા એકટ હેઠળ ધરપકડ કરી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે યોગ્ય પોલીસ ઝાપટાં સાથે મોકલી આપેલ છે.

## વસઈ ગામ પાસેથી દારૂની બોટલ સાથે એક શખ્સ પકડાયો

જામનગર : જામનગર તાલુકાના વસઈ ગામના પાટીયા પાસેથી 132 નંગ ઈંગ્લીશ દારૂની બોટલના જથ્થા સાથે એલસીબી પોલીસે એક શખ્સને ઝડપી પાડ્યો છે. જ્યારે આ કેસમાં અન્ય બે આરોપીઓના નામ ખુલવા પામ્યા છે.જામનગર પોલીસ ની એલસીબી શાખા નો સ્ટાફ ગઈકાલે પેટ્રોલિંગમાં હતો ત્યારે ઝડપાયો હતો.

**ન્યૂઝ ફોકસ** ત્રણ ફીડરોમાં સમાવિષ્ટ ડહેલી, ભમાડિયા અને ગુંદીયા સહિત 10થી વધુ ગામોમાં પોલીસ બંદોબસ્ત સાથે 1480 વીજ જોડાણોની તપાસ કરાઈ હતી

# વાલિયા તાલુકામાં 93 વીજ કનેક્શનમાં ગેરરીતિ જોવા મળતાં રૂપિયા 27 લાખનો દંડ કર્યો

• કેતન મહેતા, વાલિયા

ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકામાં વીજ વિભાગે દરોડો પડતાં 6 કલાકમાં 1480 વીજ જોડાણ તપાસતા 93 માં ગેરરીતિ જોવા મળતા 27 લાખનો દંડ કરાયો છે. ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકામાં જ્યોતિગ્રામ ફીડર પર આવેલા ગામોમાં ઊંચા વીજ વિતરણ નુકશાનને લઈને વીજ વિભાગે આકસ્મિક તપાસ હાથ ધરી હતી. જેમાં વાલિયા તાલુકાના ફીડરો પર ટી એન્ડ ડી લોસને લઈ વીજ ચોરો પકડી પાડવા દરોડા પાડવામાં આવ્યા હતા. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડની 40 ટીમોએ સવારે 6 કલાકે વાલિયાના ગુંદિયા, ડહેલી, તુણા, ભમાડીયા, દેસાડ, સોડગામ, વિટ્ઠલ ગામ, ઉમરગામ, ચભાડીયા તેમજ વાલિયા ટાઉનમાં તપાસ હાથ ધરી હતી. આ ત્રણ ફીડરોમાં સમાવિષ્ટ ડહેલી, ભમાડિયા અને ગુંદીયા સહિત 10થી વધુ ગામોમાં પોલીસ બંદોબસ્ત સાથે 1480 વીજ જોડાણોની તપાસ કરાઈ હતી. બપોરે 12 કલાક સુધી ચાલેલા વીજ ચેકીંગમાં 93 જોડાણમાંથી ગેરરીતિ ઝડપાઈ હતી. જેમાં વીજ ચોરી બદલ 27 લાખનો દંડ ફટકારવામાં આવતા વીજ ચોરોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.



# અંકલેશ્વર પોલીસે રૂ.34 લાખની કિંમતના વિદેશી દારૂનો નાશ કર્યો



• અંકલેશ્વર,

અંકલેશ્વર પોલીસે ચાર પોલીસ મથકોમાંથી જપ્ત કરેલા વિદેશી દારૂનો નાશ હાંસોટ રોડ પર આમળા ખાડી નજીક કરવામાં આવ્યો હતો. અંકલેશ્વર શહેર “એ” ડિવિઝન, રૂરલ, જીઆઈડીસી અને “બી” ડિવિઝન પોલીસે કુલ રૂ. 34 લાખથી વધુની કિંમતની 21 હજારથી વધુ દારૂની બોટલો જપ્ત કરી હતી.

નાશ કરવાની કાર્યવાહી પ્રાંત અધિકારી ભવદીપસિંહ જાડેજા, ડી.વાય.એસ.પી ડૉ. કુશલ ઓઝા અને મામલતદાર કરણસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. દારૂની બોટલો પર રોલર ફેરવીને તેનો સંપૂર્ણ નાશ કરવામાં આવ્યો હતો.

આ કાર્યવાહી દરમિયાન નશાબંધી અધિકારી એ.બી. ગણાવા તેમજ ચારેય પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર્સ અને પોલીસ કર્મચારીઓ હાજર રહ્યા હતા.

**પર્દાફાશ** પોલીસે પ્રગતિ મેડિકલ સ્ટોરમાં ડમી ગ્રાહક મોકલ્યો હતો : 7679 રૂપિયાની નશાકારક દવાઓ જપ્ત કરવામાં આવી

# સુરતની મેડિકલ સ્ટોરમાં પ્રિસ્ક્રિપ્શન વિના નશાકારક દવાનું વેચાણ : SOG-ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની રેડ

## દુકાનના લાયસન્સધારક સંચાલક વિરુદ્ધ કાર્યવાહીના ચક્રો ગતિમાન : મેડિકલ સ્ટોરનું લાયસન્સ રદ થવાની શક્યતા

• સુરત

સુરતના પાલ વિસ્તારમાં પ્રગતિ મેડિકલ સ્ટોરમાં પ્રિસ્ક્રિપ્શન વિના નશાકારક દવાઓ વેચાતી હોવાની માહિતી મળતા SOGની સાથે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની સંયુક્ત રેડ કરતા 7679 રૂપિયાની નશાકારક દવાઓ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.. પોલીસે મેડીકલ સ્ટોર પર રેડ પહેલા દવાની ખરીદી માટે ડમી ગ્રાહક મોકલ્યા હતા. શહેરના પાલ વિસ્તારમાં SOG દ્વારા મહત્વપૂર્ણ કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ સાથે સંકલન સાધીને પ્રગતિ મેડિકલ નામના મેડિકલ સ્ટોર ઉપર રેડ કરી કાયદેસર દસ્તાવેજો વિના વેચાતી નશાકારક દવાઓનો મોટો જથ્થો ઝડપી લેવાયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર આ દવાઓ કોડીન ફોસ્ફેટ જેવી દવાઓના આધારે બનાવાયેલી હોય છે, જેનો દુરુપયોગ નશા માટે થતો હોય છે અને પ્રિસ્ક્રિપ્શન વિના વેચાણ કરવું ગંભીર ગુનો ગણાય છે.આ સમગ્ર ઓપરેશન અંતર્ગત SOGના અધિકારીઓ અને ફૂડ એન્ડ ડ્રગ્સ ઈન્સ્પેક્ટરો દ્વારા પૂર્વ અઠવાડિયા દરમિયાન મળેલી માહિતીના આધારે દુકાન નં-19, સાઈમિલન રેસીડેંસી, રાજ વર્લ્ડ શોપીંગ સેન્ટરની પાસે પાલનપુરગામ, પાલ, સુરત ખાતે આવેલી પ્રગતિ મેડિકલ નામની દુકાન ઉપર ડમી ગ્રાહક મોકલવામાં આવ્યો હતો. ગ્રાહકને કોઈપણ જાતના ડોક્ટરના પ્રિસ્ક્રીપ્શન વગર સીધા નશાકારક દવાઓ વેચાતા તેમની સામે ગંભીર દંડનીય ગુનો સાબિત થયો હતો.આ મેડીકલ સ્ટોરના સંચાલક તરીકે જય રોહિતભાઈ પપૈયા (ઉંમર 33), રહે. ઘર નં-182/8, મેહરનગર સોસાયટી, બાર્મ હોસ્પિટલની બાજુમાં, અડાજણ, સુરત, વાળાનો સમાવેશ થાય છે. તેઓ પોતાના મેડીકલ પર કોઈપણ ડોક્ટરની પર્ચી ન હોવા છતાં નશાયુક્ત દવાઓનું વેચાણ કરતા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.તપાસ દરમિયાન નીચે મુજબની દવાઓ જપ્ત કરવામાં આવી છે. આ સમગ્ર મુદ્દામાલની કુલ કિંમત રૂ. 7,679/- ની થાય છે, જે નશાકારક અસર ધરાવતા કફ સીરપ અને પેઈન કિલર ટેબ્લેટ્સનો સમાવેશ કરે છે.આ દવાઓ પ્રિસ્ક્રિપ્શન વિના વેચાતી હોવાનું સ્પષ્ટ થતાની સાથે જ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે તાત્કાલિક આગળની તપાસ હાથ ધરી છે. દુકાન પર પ્રાપ્ત થયેલા નશાકારક દવાઓના જથ્થા અંગે વહીવટી અને કાયદાકીય દિશામાં કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.જ્યારે દુકાનના લાયસન્સધારક સંચાલક જય પપૈયા વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી થવાની તૈયારી કરવામાં આવી રહી છે. જો તપાસ દરમિયાન તેમનો ગુનો પુષ્ટિ પામશે તો તેમના મેડીકલ સ્ટોરનો લાયસન્સ રદ થવાની અને અન્ય ગુનાહિત કલમો હેઠળ કાર્યવાહી થવાની સંભાવના છે.




પુત્રનો આક્ષેપ- તાત્કાલિક સારવાર આપાત તો મમ્મી જીવતી હોત

# 56 વર્ષીય મહિલાનું પોલીસ સ્ટેશનમાં પુછપરછ દરમિયાન તબિયત લથડતાં બેભાન થયા બાદ મોત

**નિર્દયી પોલીસ** સાઇબર ફ્રોડ કેસમાં મહિલાને અમરોલી પોલીસ સ્ટેશને પુછપરછ માટે બોલાવવામાં આવી હતી

**પોલીસે કહ્યું, નાસિકમાં થયેલા 6 લાખના સાયબર ફ્રોડના કેસમાં મીનાબેનનું બેન્ક એકાઉન્ટ સંડોવાયેલું હોવાનું જણાયું છે**

• સુરત

સુરત શહેરના અમરોલી વિસ્તારમાં સર્જાયેલી ઘટના એ સવાલ ઉભો કરે છે કે, શું કોઈ પોલીસ પુછપરછ જીવલેણ સાબિત થઈ શકે? શનિવારે મહારાષ્ટ્રના નાસિક સાયબર ક્રાઈમ પોલીસે સાઈબર ફ્રોડ કેસમાં એક 56 વર્ષની મહિલાને અમરોલી પોલીસ સ્ટેશન બોલાવી હતી. પૂછપરછ દરમિયાન તબિયત લથડી ગયેલા છતાં તાત્કાલિક સારવાર ન મળતાં તેઓનું મોત નીપજ્યું.

મહારાષ્ટ્રના સાયબર ક્રાઈમ કેસમાં પુછપરછ માટે બોલાવવામાં આવેલી અમરોલીની 56 વર્ષીય મહિલાનું પોલીસ સ્ટેશનમાં તબિયત લથડતાં મોત નીપજ્યું છે. મૃતક મીનાબેન મોહનભાઈ રાઠોડ છેલ્લા ઘણા વર્ષોથી બ્લડપ્રેશરની બીમારીથી પીડાતી હતી તેમછતાં પુત્ર રવિ રાઠોડ દ્વારા આક્ષેપ કરાયો છે કે, વારંવાર અપીલ છતાં મહારાષ્ટ્રની નાસિક સાયબર ક્રાઈમ ટીમે તાત્કાલિક સારવાર માટે તેમને હોસ્પિટલમાં ખસેડવા ઈનકાર કર્યો હતો. આખરે ગંભીર સ્થિતિ થતાં તેમને સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા, જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.મૃતકના પુત્ર રવિ રાઠોડે તદ્દન વ્યથિત સ્વરે જણાવ્યું કે, "મારા મમ્મીનું નામ એક બેન્ક એકાઉન્ટમાં હતું, જેમાંથી કથિત રીતે 6 લાખ રૂપિયાનો સાયબર ફ્રોડ થયો હોવાનું પોલીસનું માનવું હતું. અમને કહ્યું કે, મમ્મીએ લોન લીધી હતી પણ અમે તો કોઈ લોન લીધી નથી. મેં પોલીસને કહ્યું કે, મમ્મીને બ્લડ પ્રેશરની તકલીફ છે, તેમને ગભરામણ થાય છે, તો પહેલા તેમને દવાખાને લઈ જાવ, પછી પૂછપરછ કરો છતાં પોલીસ માની નહીં. છેલ્લે મમ્મીની તબિયત ખૂબ લથડી ગઈ અને પડી ગયા હતા. ત્યારબાદ એમ્બ્યુલન્સ બોલાવી તેમને સ્મીમેર લઈ ગયા પણ ત્યાં સુધી બહુ મોડું થઈ ગયું હતું.

અમરોલી છાપરાભાઠા બોરડી ફળીયાની રહેવાસી મીનાબેન રાઠોડ આર્થિક તંગી વચ્ચે પરિવાર ચલાવતા હતા. પતિ મજૂરીકામ કરતાં હતાં પણ છેલ્લા પાંચ વર્ષથી કામ બંધ છે. પુત્ર પગના ફ્રેક્ચરના લીધે છેલ્લાં પાંચ મહિનાથી બેડ રેસ્ટ પર છે. પરિવારની આર્થિક સ્થિતિ નાજુક હોવા છતાં મીનાબેન પોતે ઘરકામ કરીને ઘર ચલાવતા હતા.

શનિવારે નાસિક સાયબર ક્રાઈમ પોલીસ અમરોલી આવીને સ્થાનિક પોલીસ સ્ટેશનમાં મીનાબેનની પૂછપરછ કરી રહી હતી. પોલીસે જણાવ્યું કે, નાસિકમાં થયેલા 6 લાખના સાયબર ફ્રોડના કેસમાં મીનાબેનનું બેન્ક એકાઉન્ટ સંડોવાયેલું હોવાનું જણાયું છે. પુછપરછ દરમિયાન મીનાબેનને શ્વાસ ચડતા અને ચક્કર આવતા જોવા મળ્યું હતું. અવારનવાર પુત્ર દ્વારા સારવાર માટે અપીલ કરાયા પછી પણ પોલીસે તાત્કાલિક પગલાં ન લેતાં પરિવારનો આક્ષેપ છે કે, મીનાબેનનો જીવ બચી શક્યો હોત જો સમયસર સારવાર મળતી. તેમને જ્યારે સ્મીમેર હોસ્પિટલ લઈ જવાયું ત્યારે ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા.

અમરોલી પોલીસે મીનાબેન રાઠોડના મોત અંગે અકસ્માત મોતની નોંધ કરી વધુ તપાસ શરૂ કરી છે. હાલ ફરિયાદ નોંધાઈ નથી પરંતુ, પરિવારના ગંભીર આક્ષેપો સામે અધિકારીઓએ વધુ વિગતવાર તપાસ કરવાનો ઈશારો આપ્યો છે.

# દક્ષિણ ગુજરાતમાં આગામી સાત દિવસ સુધી વરસાદની આગાહી

આજે સુરત, નવસારી, તાપી, ડાંગ, વલસાડ, દાદરાનગર હવેલી, નર્મદામાં વરસાદ પડવાની શક્યતા



• વલસાડ

હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી રાજ્યમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદની આગાહી કરી છે. દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રમાં વરસાદ પડવાની શક્યતા છે. હાલમાં રાજ્યમાં કોઈ સિસ્ટમ સક્રિય નથી. જોકે, ભેજના કારણે રાજ્યમાં વરસાદ પડી શકે છે. બીજી તરફ ત્રણ દિવસ બાદ અમદાવાદમાં હળવા વરસાદની આગાહી કરાઈ છે. હાલ અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. તાપમાનમાં ફેરફાર થવાની કોઈ શક્યતા નથી. હાલ ચોમાસુ મુંબઈ સુધી પહોંચ્યું છે. આગામી સમયમાં સાનુકૂળ વાતાવરણ સર્જાશે તો ગુજરાત સુધી ચોમાસુ પહોંચશે. આજે અમરેલી, ભાવનગર, બોટાદ, સુરત, નવસારી, તાપી, ડાંગ, વલસાડ, દાદરાનગર હવેલી, નર્મદા, છોટાઉદેપુર, દાહોદ, મહીસાગર, અરવલ્લી, ગાંધીનગર, સાબરકાંઠા, મહેસાણા જિલ્લામાં હળવા વરસાદની શક્યતા છે.હવામાન વિભાગની જુદી જુદી વેબસાઈટ પરથી જોતાં આ વર્ષે ગુજરાતમાં ચોમાસું સમયસર આવશે. જૂનના પહેલા 15 દિવસ હળવો વરસાદ, જ્યારે 22 જૂને ભારે વરસાદ અને 23-24 તથા 27થી 30 જૂન ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. ગુજરાત માટે હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી હતી કે આ વર્ષે વરસાદ વહેલા આવવાની અને દર વર્ષની સરખામણીમાં વધુ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી, જોકે એમાં થોડો બદલાવ જોવા મળ્યો છે. આ વર્ષે વરસાદ વહેલા આવવાની શક્યતા ઓછી છે, જોકે ચોમાસું સમયસર આવી જશે.હવામાન ડાયરેક્ટર એ.કે. દાસે જણાવ્યું હતું કે, દક્ષિણ ભારતમાં સર્જાયેલી સિસ્ટમને કારણે વરસાદનું આગમન 15 જૂન કરતાં વહેલા થવાનું હતું, એની ગતિ હમણાં દક્ષિણ ભારતમાં હવે ધીમી પડી ગઈ છે.

# દહેજ અદાણી પોર્ટ પર કેપ્સુલ લઈ જતી ટ્રકની ચેઈન તૂટતાં માર્ગ પર પડ્યું



ભરૂચ : દહેજના અદાણી પોર્ટથી કેપ્સુલ લઈને જતી ટ્રકનો અકસ્માત સર્જાયો છે. ટ્રકની ચેઈન અચાનક તૂટી જતાં કેપ્સુલ દીપક નાઈટ્રેટ તરફ જતાં માર્ગ પર પડી ગયું હતું. ઘટના સમયે માર્ગ પરથી કોઈ વાહન કે વ્યક્તિ પસાર થતાં ન હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી. જો કે, અકસ્માતને કારણે માર્ગની બંને બાજુએ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી.સૂચના મળતાં જ દહેજ પોલીસ અને ટ્રાફિક વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને લગભગ બે કલાક સુધી ચાલેલી ટ્રાફિક સમસ્યાને હળવી કરી હતી અને માર્ગ વ્યવસ્થા પુનઃસ્થાપિત કરી હતી.

# ભરૂચમાં સટ્ટાબાજી ઝડપાઈ:ઇકરા સ્કૂલ પાસેથી ત્રણ શખ્સો પકડાયા

• ભરૂચ



ભરૂચ શહેરના બરકતવાડ વિસ્તારમાં ઈકરા સ્કૂલની બાજુમાં સટ્ટાબાજીની પ્રવૃત્તિ ઝડપાઈ છે. બી ડિવિઝન પોલીસે દરોડો પાડીને ત્રણ શખ્સોને રંગેહાથ પકડ્યા છે. આરોપીઓ પાસેથી રોકડ અને મોબાઈલ ફોન મળીને કુલ 17,210નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.પીઆઈ વી.એસ. વણઝારાની ટીમને બાતમી મળી હતી કે ફીરદોશ એપાર્ટમેન્ટના સાબીર મલેક તેના સાથીઓ સાથે આંકફરક પર સટ્ટો રમાડી રહ્યો છે. પોલીસે દરોડો પાડીને હિતેશ પરમાર (38, તોપર બજાર), પ્રવિણ વસાવા (50, મોટો ભીલવાડો, પાલેજ) અને સાબીર મલેક (27, ફીરદોશ એપાર્ટમેન્ટ)ને પકડ્યા છે. બે આરોપીઓ મોહંમદ કેફ ઉર્ફે ચપાટી હુસેન પઠાણ (અબદલવાડ ચાર રસ્તા) અને સોએબ શેખ (ઘુષવાડ, ડુંગાજી સ્કૂલની બાજુ) ફરાર થઈ ગયા છે. પોલીસે સ્થળ પરથી 11,210ની રોકડ રકમ અને બે મોબાઈલ ફોન (કિંમત 6,000) જપ્ત કર્યા છે. આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

મકાન માલિક જાગ્યા ને ઊભી પૂંછડીએ ભાગ્યાં, 6 શખસ CCTVમાં કેદ

# ડુમસ વિસ્તારમાં ધાડપાડુ ટોળકીનો ત્રાસ:એક જ રાતમાં બે સોસાયટીમાં ઘૂસવાનો પ્રયાસ

• સુરત



સુરત શહેરના ડુમસ વિસ્તારમાં ધાડપાડુ ટોળકી ફરી એકવાર સક્રિય થતા સ્થાનિકોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે. 30 મેની મધરાત્રે ડુમસના કુંભારવાડ અને ગણપતનગર સોસાયટીમાં એક જ રાતે આ ટોળકીએ બે અલગ-અલગ મકાનોમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, મકાન માલિક જાગી જતાં બંને સ્થળોએ ચોરીનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો. નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં 6 ચોર ઈસમો કેદ થયા છે.પ્રથમ ઘટના કુંભારવાડ વિસ્તારમાં બની હતી, જ્યાં ઘરમાં સૂઈ રહેલા માલિક જાગી જતા ધાડપાડુઓ તરત જ ઘટનાસ્થળેથી ભાગી છૂટ્યા હતા. જાગૃત રહેવાસીની સતર્કતાને કારણે મોટી ઘટના ટળી હતી. ત્યાંથી બચીને ધાડપાડુઓ નજીકની ગણપતનગર સોસાયટી તરફ ખેતરો મારફતે પહોંચી ગયા હતા. ત્યાં પણ એક મકાનને નિશાન બનાવી તે ઘરમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ એ ઘરમાં પણ એક વ્યક્તિ જાગતો હોવાથી ફરી એક વખત ધાડપાડુ ટોળકી ચોરીમાં સફળ થઈ શકી ન હતી.સીસીટીવી ફૂટેજ મુજબ, આ સમગ્ર ઘટનામાં અંદાજિત છ શખ્સોનો સમાવેશ થાય છે. બંને સોસાયટીઓના કેમેરામાં તેઓ કેદ થઈ ગયા છે અને તેમની હરકતો સ્પષ્ટપણે દેખાય છે. તેઓના ચહેરા અને હાવભાવ પરથી તેઓ કોઈ સગઠિત ટોળકીના સદસ્ય હોય તેવું લાગી રહ્યું છે. સ્થાનિક રહીશોએ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી તરત જ ડુમસ પોલીસ મથકે લેખિત અરજી આપી છે. પોલીસ તપાસનો દૌર શરૂ કરી દીધો છે અને સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓની ઓળખ માટે કામગીરી હાથ ધરાઈ છે.

# ભરૂચમાં ગેરકાયદે ખનિજ વહન કરતા 4 ટ્રક પકડાયા

## અંકલેશ્વર GIDC અને શેરપુરામાંથી 1.05 કરોડના મુદ્દામાલ સાથે 4 વાહનો જપ્ત

• ભરૂચ



ભરૂચ જિલ્લામાં ખનિજની ચોરી અને બિનઅધિકૃત વહન રોકવા માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ભૂસ્તરશાસ્ત્રી ભરૂચની સૂચના મુજબ ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કચેરીની ટીમે 29 અને 30 મે 2025ના રોજ આકસ્મિક તપાસ હાથ ધરી હતી.તપાસ દરમિયાન અંકલેશ્વર GIDC, વેસદાદ ચોકડી, ભરૂચ શેરપુરા અને સર્કિટ હાઉસ નજીકથી બ્લેકટ્રેપ અને સાદી રેતીનું બિનઅધિકૃત વહન કરતા 4 ટ્રક પકડાયા હતા. આ વાહનોના નંબર GJ-16-AW-5557, GJ-01-CZ-9112, GJ-16-AW-5544 અને GJ-16-AW-1488 છે.તમામ વાહનોને સીલ કરી દેવામાં આવ્યા છે. કુલ 1.05 કરોડના મુદ્દામાલને જપ્ત કરી જિલ્લા સેવા સદન, ભરૂચ ખાતે રાખવામાં આવ્યો છે. જિલ્લા વહીવટીતંત્રના માર્ગદર્શન હેઠળ ખનિજ ચોરી અટકાવવા માટે આવી કાર્યવાહી સતત ચાલુ રહેશે.

**ન્યૂઝ ફોકસ** સપ્ટેમ્બર 2024માં બેંકના આંતરિક ઓડિટ દરમિયાન હંસાબેન દ્વારા રજૂ કરાયેલ એનઓસી પર શંકા ઉદભવી હતી. જેથી તેમણે રજૂ કરેલી દસ્તાવેજોની તપાસ કરાવાતા એનઓસી બોગસ હોવાનું ખુલ્યું હતું

# લોન લેવા 52 હજારની બોગસ પે સ્લીપ બનાવનાર સફાઈકર્મી સામે ફરિયાદ

## SBIએ રૂ. 19.40 લાખની લોન મંજૂર કરી, બેંકના ઓડીટમાં NOC અને પગાર સ્લીપ ખોટી હોવાનું ખૂલતા ફરિયાદ

• સુરત

સુરત મહાનગરપાલિકાની એક મહિલા સફાઈ કર્મચારીએ બેંકને ખોટું એનઓસી અને પગાર સ્લીપ રજૂ કરીને કુલ રૂ. 19.40 લાખની લોન મેળવી છેતરપિંડી કરી હતી. આ કૌભાંડ શહેરના અઠવા પોલીસ મથકે નોંધાયેલા ગુનાની તપાસ દરમિયાન બહાર આવ્યું છે. હંસા મનહરભાઈ સોલંકી, જે હાલ ડીંડોલી વિસ્તારમાં આવેલા માનસી રેસીડેન્સીમાં રહે છે અને સુરત મહાનગરપાલિકા (SMC)માં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવે છે, તેની સામે અઠવા પોલીસ સ્ટેશને બોગસ દસ્તાવેજો દ્વારા લોન મેળવવાના આક્ષેપ હેઠળ ગુનો નોંધ્યો છે. હંસાબેને વર્ષ 2022માં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)માં લોન માટે અરજી કરી હતી. લોન મંજુર કરાવવાના હેતુથી તેમણે "એસ.કમ" નામની ફાઈનાન્સ કંપનીમાંથી અગાઉ લીધેલી લોનનું ખોટું કલીયરન્સ એનઓસી, તેમજ SMCના નામે ખોટી પગાર સ્લીપ બેંકમાં રજૂ કરી હતી. આ પગાર સ્લીપમાં તેમણે પોતાનો માસિક પગાર રૂ. 26,000 હોવાનું હોવા છતાં ખોટી રીતે વધારીને રૂ. 52,000 દર્શાવ્યો હતો.આ જ ખોટા દસ્તાવેજોની આધારે SBIની શાખાએ પ્રથમ તબક્કે તા. 3-9-2022ના રોજ હંસાબેનને રૂ. 6 લાખની લોન મંજુર કરી હતી. બાદમાં બીજી તબક્કાની લોન તરીકે 9-1-2024ના રોજ વધુ રૂ. 13.40 લાખની લોન મંજુર કરવામાં આવી હતી. પરિણામે બેંક દ્વારા કુલ રૂ. 19.40 લાખની લોન આપવામાં આવી હતી.સપ્ટેમ્બર 2024માં બેંકના આંતરિક ઓડિટ દરમિયાન હંસાબેન દ્વારા રજૂ કરાયેલ એનઓસી પર શંકા ઉદભવી હતી. જેથી તેમણે રજૂ કરેલી દસ્તાવેજોની તપાસ કરાવાતા એનઓસી બોગસ હોવાનું ખુલ્યું હતું. ઉપરાંત સુરત મહાનગરપાલિકાની પગાર સ્લીપ પણ ખોટી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.આ સમગ્ર મામલે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા તરફથી મેનેજર સુલતાબેન કુમારીએ અઠવા પોલીસ મથકે અધિકૃત ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા હંસા સોલંકી સામે IPC કલમ 420 (છેતરપિંડી), 465, 467, 468, 471 (બનાવટી દસ્તાવેજ બનાવવો અને તેનો ઉપયોગ કરવો) મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.હાલમાં અઠવા પોલીસ દ્વારા આરોપી મહિલાની ધરપકડ કરવા માટે કાયદેસરની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે અને સમગ્ર કૌભાંડની પછાળ કાઢી વધુ લોકો સંડોયેલા છે કે કેમ તે દિશામાં પણ તપાસ શરૂ થઈ છે.



**અભિનેત્રી અને કાર્તિક આર્યન ડેટ કરી રહ્યા હોવાની પણ ચર્ચા**

# શ્રીલીલાએ હલદીની તસવીરો સોશિયલ મીડિયામાં શેર કરતા ચાહકોમાં ખળભળાટ






મુંબઇ : કાર્તિક આર્યન અને શ્રીલીલા ડેટ કરી રહ્યા હોવાની ચર્ચા લાંબા સમયથી થઇ રહી છે. જોકે બોલીવૂડના નિષ્ણાંતોનું કહેવું છે કે કાર્તિક આર્યનનો આ એક પબ્લિસિટી સ્ટંટ છે. અનુરાગબાસુની એર ફિલ્મમાં કાર્તિક આર્યન અને શ્રીલીલાની જોડી જોવા મળવાની છે. આ ફિલ્મના શૂટિંગ દરમિયાન તેઓ નજદીક આવી ગયા હોવાની પણ ચર્ચા છે. તેવામાં અભિનેત્રીએ ઈન્સ્ટાગ્રામ પર પોતાની અંગત તસવીરો શેર કરીને ચાહકોમાં ખળભળાટ મચાવી દીધો છે.શ્રીલીલાએ પોતાના મેકઅપ્આર્ટસ્ટ સાથે પોઝ આપતી હોવાની જોવા મળે છે જ્યારે અન્ય એક તસવીરમાં તે હલદી લગાવતી જોવા મળી રહી છે. આ સાથે અભિનેત્રીએ કમિગ સૂન એવું કેપ્શાન આપીને લોકોને વિચારતા કરી મુક્યા છે. શ્રીલીલના ચાહકો અભિનેત્રી કાર્તિક સાથે લગ્નની તૈયારી કરી રહી હોવાની અથવા તો તેની આગામી ફિલ્મના એક શૂટિંગનો હિસ્સો હોવાનું માની રહ્યા છે.

શ્રીલીલાનું નામ હાલ કાર્તિક આર્યન સાથે જોડાયુ છે. બન્ને જણાએ હાલમાં જ ફિલ્મનં એક મોટું શેડયુલ પુરુ કર્યું છે. થોડા દિવસો પહેલા જ શ્રીલીલાએ એક મિરર સેલ્ફી શેર કરી હતી જેની સાથે લખ્યું હતું કે, લાંબુ પરંતુ બહુ જ સંતુષ્ટિ દાયક શેડયુલ પુરુ થયું.કાર્તિક આર્યનની માતાએ પણ એક વાતચીત દરમિયાન જણાવ્યું હતુ કે, તેમના પરિવારને કાર્તિક માટે એક ડોકટર પુત્રવધુ જોઈએ છીએ.શ્રીલીલા મેડિકિલનો અભ્યાસ પણ કરી રહી હોવાથી લોકો માની રહ્યા છે કે કાર્તિકના પરિવારે શ્રીલીલાને પુત્રવધુ તરીકે સ્વીકારી છે. જોકે લોકોએ ત્યારે પણ આ વાતને પબ્લિસિટી સ્ટંટમાં ખપાવી હતી.

# સોશિયલ મીડિયા પર મલ્લિકાનો જલવોઃ 48 વર્ષે પણ બિકિનીમાં દેખાય છે સુપર ફિટ!

**વીડિયો પર લાખો લોકો લાઈક અને કોમેન્ટ કરી રહ્યા છે**



મર્ડર ફિલ્મથી જાણીતી બનેલી સુપર હોટ અભિનેત્રી મલ્લિકા શેરાવતે સોશિયલ મીડિયા પર છવાઈ ગઈ છે. એટલે મલ્લિકાનો સોશિયલ મીડિયા પર ફરી ચર્ચાનું કારણ બની છે, જેનું કારણ તેનો વીડિયો છે. મલ્લિકા ભલે ફિલ્મોમાં બહુ ઓછું કામ કરે છે, પરંતુ અત્યારે પણ સોશિયલ મીડિયામાં છવાયેલી રહે છે. 48 વર્ષની ઉંમરે પણ મલ્લિકા શેરાવત એકદમ ફીટ એન્ડ ફાઈન જોવા મળે છે. તાજેતરમાં મલ્લિકાએ બિકિનીમાં વીડિયો સૂટ કરાવીને લોકોનું દિલ જીતી લીધું છે.

મલ્લિકા શેરાવતે તાજેતરમાં એક સીઝલિંગ વીડિયો પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કર્યો છે. વીડિયો મલ્લિકા શેરાવત બિકિનીમાં જોવા મળે છે. એકદમ ફીટ લાગતી મલ્લિકા શેરાવતના બિકિનીના વીડિયો ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે, જ્યારે લાખો લોકોની લાઈક સાથે હજારો લોકો તેના પર કમેન્ટ કર્યા વિના રહી શક્યા નથી.

# બોલિવૂડ સ્ટાર શાહરૂખ ખાનનો નવો લુક સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ




મુંબઈ :બોલિવૂડ સ્ટાર શાહરૂખ ખાનનો નવો લુકમાં ચર્ચામાં છે. જેમાં શાહરૂખ ખાન કેઝ્યુઅલ સ્ટાઈલમાં પોતાના બાઈસેપ્સ અને ટેટૂ બતાવ્યા હતા. સોશિયલ મીડિયા પર લોકો કિંગ ખાનનો આ નવી સ્ટાઈલ ખૂબ પસંદ કરી રહ્યા છે.

વાયરલ થઈ રહેલા વીડિયો અને તસવીરોમાં શાહરૂખ ખાને વ્હાઈટ ફિટ, ઢીલા ગ્રે પેન્ટ, બીની કેપ અને કાળા સનગ્લાસ પહેર્યા છે. આ દરમિયાન તેમણે કેમેરા સામે હસતાં પોતાનો ટેટૂ અને બાઈસેપ્સ ફ્લોન્ટ કર્યા. શાહરૂખ ખાનના લેટેસ્ટ વીડિયોમાં તે લિફ્ટમાંથી બહાર આવતાની સાથે જ કેમેરા સામે સ્વેગ બતાવે છે. જ્યારે કોઈ પણ ઈવેન્ટ કે જાહેર સ્થળેથી કિંગ ખાનના લુકના ફોટા અને વીડિયો પ્રકાશમાં આવે છે. સોશિયલ મીડિયા પર નવો લુક ટ્રેન્ડ કરી રહ્યો છે.

# ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડગલેને પગલે સ્ત્રી વિરોધી માનસિકતા છે : માનુષી છિલ્લર

**પુરુષ સફળ થાય તો ટેલેન્ટેડ, સ્ત્રીઓ ગોલ્ડ ડિગર!**



મિસ વર્લ્ડ 2017 અને એક્ટ્રેસ માનુષી છિલ્લરે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓ સામે થતા ભેદભાવની ટીકા કરી છે. 31 મેના રોજ, માનુષીએ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક પોસ્ટ કરી જેમાં ઈન્ડસ્ટ્રીના સ્ત્રી વિરોધી વલણની ટીકા કરવામાં આવી હતી. તેણે પોસ્ટમાં કોઈનું નામ લીધા વિના લખ્યું- સ્ત્રી વિરોધી માનસિકતા માટે, સ્ત્રીની સફળતાનો શ્રેય પુરુષના સંરક્ષણને આપવું ખૂબ જ સરળ છે. મેં હંમેશા એવી મૂર્ખ કોમેન્ટ્સને અવગણી છે જેનું વાસ્તવિક દુનિયામાં કોઈ મહત્વ નથી. પરંતુ મેં હંમેશા જોયું છે કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓનું કોઈને કોઈ રીતે અપમાન થતું રહે છે.મારો ઉછેર એક સશક્ત, શિક્ષિત વાતાવરણમાં થયો છે, જ્યાં કોઈપણ લિંગ ભેદભાવ વિના બધા સમાન હતા. પણ હું એ માનસિકતા પણ જાણું છું કે જ્યારે પુરુષો સફળ થાય છે, ત્યારે તે મહેનતુ અને પ્રતિભાશાળી હોય છે, જ્યારે સ્ત્રીઓને તકવાદી, ગોલ્ડ ડિગર જેવા શબ્દો સાંભળવા પડે છે.માનુષી અને 'સ્કાય ફોર્સ'ના એક્ટર વીર પહાડિયા અનંત અંબાણીના લગ્નમાં સાથે જોવા મળ્યા હતા. ફોટો વાઈરલ થયા પછી, તેમના અફેરના સમાચાર આવવા લાગ્યા. જોકે, માનુષીએ એક ઈન્ટરવ્યૂમાં આ અફવાઓને સંપૂર્ણપણે નકારી કાઢી હતી. છતાં બંનેના નામ વારંવાર જોડાઈ રહ્યા છે. માનુષીના કરિયરની વાત કરીએ તો, તેણે 2017 માં મિસ વર્લ્ડનો ખિતાબ જીત્યો હતો. તેણે અક્ષય કુમાર સાથે ઐતિહાસિક ડ્રામા ફિલ્મ 'સમ્રાટ પૃથ્વીરાજ' થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું. ત્યારબાદ તે વિકી કૌશલ સાથે 'ધ ગ્રેટ ઈન્ડિયન ફેમિલી'માં જોવા મળી હતી. તે છેલ્લે અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ સાથે 'બડે મિયાં છોટે મિયાં'માં જોવા મળી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર નિષ્ફળ સાબિત થઈ. ટૂંક સમયમાં માનુષી જોન અબ્રાહમ સાથે ફિલ્મ 'તેહરાન'માં જોવા મળશે.

# સ્મૃતિ ઈરાનીએ સિક્યોરિટી સાથે ક્યોંકિ સાસનું શૂટિંગ શરૂ કર્યું



મુંબઇ : એકતા કપૂરનો લોકપ્રિય ટીવી શો ક્યોંકિ સાસ ભી કભીની સીઝન ટુ લાંબા સમયથી ચર્ચામાં છે. હવે અપડેટ છે કે, આ શોનું શૂટિંગ શરૂ થઇ ગયું છે. સ્મૃતિ ઈરાનીફરી સેટ પર આવી ગઇ છે અને તેને ઝેડ પ્લસ સિક્યોરિટી પણ આપવામાં આવી છે. સેટ પર સુરક્ષા પ્રોટોકોલ હેઠળ મોબાઈલ ફોનનું ટેપિંગ કરવામાંઆવશે. અમર ઉપાધ્યા, સ્મૃતિ ઈરાની અને એકતા કપૂરને છોડીને સેટ પરના તમામ લોકોનો મોબાઈલ ફોનના ઉપયોગથી રોકવામાં આવશે. સૂત્રે એમ પણ દાવો કર્યો છે કે, સ્મૃતિ ઈરાનીને ઝેડ પ્લસ સિક્યોરિટી સેટ પર આપવામાં આવી છે.એક દાવો એવો પણ કરવામાં આવ્યો છે કે, ક્યોંકિ સાસ ભી કભી બહુથીની બીજી સીઝન ૧૫૦ એપિસોડની હશે.ઉલ્લેખનીય છે કે, આ શોમાં સ્મૃતિ ઈરાનીએ તુસલીના પાત્રમાં ઘર-ઘરમાં પોતાની અનોખી ઓળખ બનાવી હતી. આ શોની પહેલી સીઝન ૨૦૦૦માં શરૂ કરવામાં આવી હતી અને ૨૦૦૮માં આ શો પુરો કરવામાં આવ્યો હતો. આજે પણ સ્મૃતિના પાત્ર તુલસી વીરાનીને લોકો યાદ કરે છે. સ્મૃતિ ઈરાની ૨૦૦૩માં ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થઇ અને તેણે પોતાની રાજકીય કારકિર્દી શરૂઆત કરી.આજે પણ તે પાર્ટીનો સક્રિય હિસ્સો છે.

**શ્રેયસ ઐયરે 41 બોલમાં 87* રન બનાવીને મેચ જીતાડી**

# પંજાબ કિંગ્સ મુંબઈ ઈન્ડિયન્સને પાંચ વિકેટે હરાવીને ફાઈનલમાં પહોંચી





IPL 2025ના ક્વોલિફાયર-2માં પંજાબ કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સને 5 વિકેટથી હરાવ્યું. આ સાથે, ટીમ 11 વર્ષ પછી IPLના ફાઈનલમાં પ્રવેશ કરી છે. અગાઉ, ટીમે 2014 સીઝનની ટાઇટલ મેચ રમી હતી. હવે ફાઈનલ 3 જૂને અમદાવાદમાં પંજાબ અને બેંગલુરુ વચ્ચે રમાશે.રવિવારે, અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે પંજાબે 19 ઓવરમાં 204 રનના ટાર્ગેટને ચેઝ કર્યો. કેપ્ટન શ્રેયસે છગ્ગો ફટકારીને ટીમને વિજય તરફ દોરી. તેણે 41 બોલમાં 87 રનની અણનમ ઈનિંગ રમી. આ ઈનિંગમાં 5 ચોગ્ગા અને 8 છગ્ગાનો સમાવેશ થાય છે.

શ્રેયસ ઉપરાંત, નેહલ વાઢેરાએ 48 અને જોશ ઈંગ્લિસે 38 રન બનાવ્યા. MI માટે અશ્વની કુમારે બે વિકેટ લીધી. ટૉસ હારતા બેટિંગ કરતા મુંબઈ તરફથી તિલક વર્મા અને સૂર્યકુમાર યાદવે 44-44 રનની ઈનિંગ રમી. જોની બેયરસ્ટોએ 38 રન બનાવ્યા. પંજાબ તરફથી અઝમતુલ્લાહ ઓમરઝાઈએ 2 વિકેટ મેળવી.ત્રણ ટીમને ફાઈનલમાં લઈ જનાર પહેલો કેપ્ટન અય્યર બન્યો શ્રેયસ અય્યર ત્રણ અલગ-અલગ ટીમને ફાઈનલમાં પહોંચાડનાર પહેલો કેપ્ટન બન્યો છે. તેણે 2020માં દિલ્હીની કેપ્ટનશિપ કરતા ફાઈનલમાં પહોંચાડ્યું હતું. ત્યારપછી ગયા વર્ષે 2024માં કોલકાતાને ફાઈનલમાં પહોંચાડ્યું હતું; સાથે જ ટીમને ચેમ્પિયન પણ બનાવી હતી. હવે પંજાબને 11 વર્ષે ફાઈનલમાં પહોંચાડ્યું છે.

# IPL ફાઈનલ અગાઉ બેંગ્લુરુ-અમદાવાદનું વન-વે વિમાન ભાડું 26000 રૂપિયાને પાર

ઈન્ડિયન પ્રીમિયર લીગ ટુર્નામેન્ટ અંતિમ તબક્કામાં પ્રવેશી ચૂકી છે. આજે રવિવારે અમદાવાદમાં એલિમિનેટર અને મંગળવારે ફાઈનલનો મુકાબલો ખેલાવાનો છે ત્યારે ચાહકોનો ઉત્સાહ ચરમ સીમાએ પહોંચ્યો છે. બેંગ્લુરુની ટીમ પહેલાં જ ફાઈનલમાં પ્રવેશી ચૂકી છે. જેના પગલે બેંગ્લુરુ-અમદાવાદનું વન-વે એરફેર રૂ. 26 હજારે પહોંચ્યું છે.આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મુંબઈ ઈન્ડિયન્સ અને પંજાબ કિંગ્સની ટીમ વચ્ચે સેમિફાઈનલ રમાશે. જેમાં જીતનારી ટીમ મંગળવારે ફાઈનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે ટકરાશે. RCBની ટીમ ફાઈનલમાં પ્રવેશી ચૂકી હોવાથી તેના ચાહકો મોટી સંખ્યામાં 3 જૂને અમદાવાદ આવશે. જેના પગલે 3 જૂને બેંગ્લુરૂ-અમદાવાદનું વન-વે હવાઈ ભાડું સામાન્ય દિવસ કરતાં પાંચ ગણું વધી રૂ. 26 હજારે પહોંચ્યું છે. સામાન્ય દિવસોમાં બેંગ્લુરૂ-અમદાવાદનું હવાઈ ભાડું રૂ. 4500-5000ની આસપાસ હોય છે. આવતીકાલની સેમિફાઈનલ માટે મુંબઈથી પણ મોટી સંખ્યામાં ચાહકો ઉમટી પડે તેવી સંભાવના છે. આઈપીએલ 2025માં નવ વર્ષ બાદ આરસીબી ફાઈનલમાં પહોંચી છે. જેથી આ 18મી સિરિઝની ફાઈનલનો ઉત્સાહ જ અનેરો છે. સોશિયલ મીડિયા પર આઈપીએલની ક્વાર્ટર 2 અને ફાઈનલના મુકાબલા માટે ટિકિટનું ધૂમ બ્લેક માર્કેટિંગ શરૂ થઈ ચૂક્યું છે. ફાઈનલ મેચની ટિકિટની કિંમત ઓછામાં ઓછી રૂ. 1500 છે. જેના બ્લેકમાં ભાવ રૂ. 10,000 સુધી પહોંચ્યા છે.




**ફૂટબોલની જીતનો જશ્ન હિંસામાં પરિણમ્યો**

# પેરિસમાં ચાહકો બાખડતા 17 વર્ષના કિશોર સહિત 2 લોકોના મોત



ભારતમાં ક્રિકેટનો ક્રેઝ છે, એના કરતાં ક્યાંય વધારે ક્રેઝ દુનિયાના મોટાભાગના દેશોમાં ફૂટબોલ માટે છે. ફૂટબોલના ક્રેઝી ફેન્સ ઘણીવાર મર્યાદા ચૂકીને રમતને લઈને ગાંડા કાઢતા હોય છે. એવી જ એક ઘટના 31 મે, 2025ની રાતે ફ્રાન્સની રાજધાની પેરિસમાં બની ગઈ. જર્મનીના મ્યુનિક શહેરમાં રમાયેલી ચેમ્પિયન્સ લીગની ફાઈનલમાં ફૂટબોલ ટીમ 'પેરિસ સેન્ટ-જર્મન' (PSG)એ 'ઈન્ટર મિલાન'ને હરાવી દેતાં જીતનો જશ્ન મનાવવા PSG ના ફેન્સ પેરિસના રસ્તા પર ઉતરી આવ્યા હતા. આ ઉજવણીએ હિંસક રૂપ લીધું, લોકો માર્યા ગયા અને પોલીસે અનેકની ધરપકડ કરવી પડી.

પેરિસના લગભગ 50,000 લોકો જાહેર સ્થળે મોટી સ્ક્રીન પર ચેમ્પિયન્સ લીગની ફાઈનલ જોવા માટે એકઠા થયા હતા. બંને ટીમના સપોર્ટરો વચ્ચે અથડામણ થઈ હતી જેણે હિંસક વળાંક લીધો હતો. આ ઘટનામાં એક 17 વર્ષીય કિશોર સહિત બે લોકોના મોત થયા, જ્યારે 192 લોકોને ઈજા થઈ. હિંસક ટોળાએ જાહેર મિલકતોની પણ આગચંપી કરી. એટલું જ નહીં, પોલીસ અને ફાયર બ્રિગેડના જવાનો પર પણ હુમલો કર્યો. સ્થિતિ કાબુ બહાર જતાં પોલીસે ટોળાને વિખેરવા માટે ટિયર ગેસનો ઉપયોગ કરવો પડ્યો. આ દરમિયાન પોલીસે 559 લોકોની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અરાજકતાનો લાભ લેવા માટે અનેક લોકોએ સ્ટોર્સમાં ઘૂસીને લૂંટ મચાવી હતી. ફ્રાન્સના ગૃહ મંત્રી બ્રુનો રિટેલ્યુએ હિંસામાં સંડોવાયેલા લોકોને 'જંગલી' ગણાવતાં એક્સ પર લખ્યું હતું કે, 'બાર્બેરિયન પેરિસની શેરીઓમાં ઉતરી આવ્યા છે.'ફૂટબોલ મેચની હાર-જીતને પગલે હિંસા ફાટી નીકળી હોય અને લોકોએ જીવ ગુમાવ્યો હોય એવા કિસ્સાઓથી ઈતિહાસ ભર્યો પડ્યો છે. એવા અમુક કિસ્સાઓ પર નજર નાંખીએ.1985માં યુરોપિયન કપની ફાઈનલ પહેલા 'લિવરપૂલ' અને 'જુવેન્ટસ'ના ફેન્સ વચ્ચે બેલ્જિયમના બ્રસેલ્સ શહેરમાં થયેલી હિંસક અથડામણમાં 39 લોકો માર્યા ગયા હતા અને 600 થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ ઘટનાને કારણે યુરોપિયન સ્પર્ધામાં અંગ્રેજી ક્લબો પર પાંચ વર્ષનો પ્રતિબંધ મૂકાયો હતો.

કાર્યવાહી

વડોદરા ક્રાઈમ બ્રાન્ચ અને નંદેસરી પોલીસની ટીમે બાતમીના આધારે આરોપી અનિરુદ્ધસિંહને ફાજલપુર બ્રિજ પાસેથી પકડી પાડ્યો

# દુષ્કર્મ કેસમાં ફરાર કોંગ્રેસનેતાનો પુત્ર-BJP MLAનો દોહિત્ર 18મા દિવસે ઝડપાયો

## ઓળખ છુપાવવા વાળ કપાવીને ફરતો હતો, પોલીસે ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું

• વડોદરા

વડોદરા જિલ્લાના કોંગ્રેસના નેતા રાજેન્દ્રસિંહ ગોહિલના પુત્ર અનિરુદ્ધસિંહ ગોહિલ સામે 21 વર્ષીય યુવતીએ દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદના 18માં દિવસે આજેઆરોપીઅનિરુદ્ધ ફાજલપુર બ્રિજ પાસેથી પકડાઈ ગયો છે. આરોપીના બે દિવસના રિમાન્ડ મેળવ્યા બાદ તેને આણંદ લઈ જવામાં આવ્યો હતો, જ્યાં રાજ નર્સિંગ હોમ સહિતના સ્થળોએ લઈ લઈને ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું.આ દુષ્કર્મ કેસમાં આરોપી અનિરુદ્ધસિંહ ગોહિલ ઉમરેઠના ભાજપના ધારાસભ્ય ગોવિંદ પરમારનો દોહિત્ર હોવાનો પણ પોલીસ તપાસમાં ઘટસ્ફોટ થયો હતો. છેલ્લા 18 દિવસથી વડોદરા પોલીસ આરોપી અનિરુદ્ધસિંહ ગોહિલને શોધી રહી હતી. જોકે, આરોપી પોલીસની પકડમાં આવી રહ્યો ન હતો. આ દરમિયાન આજે વડોદરા ક્રાઈમ બ્રાન્ચ અને નંદેસરી પોલીસની ટીમને બાતમી મળી હતી કે, આરોપી અનિરુદ્ધ ફાજલપુર બ્રિજ પાસે ફરતો જોવા મળ્યો છે. જેથી, પોલીસની ટીમો ફાજલપુર બ્રિજ પાસે પહોંચી ગઈ હતી અને આરોપી અનિરુદ્ધને ઝડપી પાડ્યો હતો અને તેને કોર્ટમાં રજૂ કરીને પોલીસે બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે.આરોપી પાસેથી ગુનામાં વપરાયેલ એક બુલેટ અને એક ક્રેટા કાર અને આરોપીનો મોબાઈલ જપ્ત કર્યો છે. આરોપીએ પોલીસથી બચવા માટે પોતાના વાળ કપાવી નાખ્યા હતા. જેથી પોલીસને ઓળખી ન શકે. જોકે, પોલીસે આરોપીને બાતમીના આધારે ઝડપી પાડ્યો હતો.26 વર્ષીય આરોપી અનિરુદ્ધસિંહ ગોહિલે યુવતીના ઘરે અને હોટલમાં લઈ જઈને વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. આ દરમિયાન યુવતી ગર્ભવતી થઈ હતી અને ત્યારબાદ આરોપી અનિરુદ્ધસિંહ ગોહિલે જબરદસ્તી અબોર્શન કરાવી દીધું હતું. આ વાતની જાણ યુવતીના પરિવારને થઈ હતી. જેથી, યુવતીએ અનિરુદ્ધસિંહ ગોહિલ સામે દુષ્કર્મ અને એટ્રોસિટીની ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ પોલીસે યુવતીનું મેડિકલ ચેકઅપ કરાવ્યું હતું. નંદેસરી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દુષ્કર્મ અને એટ્રોસિટીના આ કેસની તપાસ SC/ST સેલના ACP સી.બી. સોલંકીને સોંપવામાં આવી હતી. આ દરમિયાન આરોપી આજે પકડાઈ ગયો છે. આરોપીને પકડીને તેને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. જ્યાં કોર્ટે તેના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. ત્યારબાદ આરોપીને આણંદ લઈ જવાયો હતો જ્યાં રાજ નર્સિંગ હોમ સહિતના સ્થળોએ ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. યુવતીએ ધો. 12 સુધીનો અભ્યાસ કર્યો છે. આરોપી અનિરુદ્ધસિંહ ગોહિલના પિતા રાજેન્દ્રસિંહ ગોહિલ તાલુકા પંચાયતની નંદેસરી બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા, તેઓ ભાજપના ઉમેદવાર સામે હારી ગયા હતા.



ધારાસભ્યએ લોકોના પ્રશ્નો સાંભળવા મિટિંગનું આયોજન કર્યું હતું

# ભાજપના ધારાસભ્ય MGVCLના કર્મી પર બગડ્યાં; કહ્યું, હવે ફરિયાદ આવી તો એક્શન લઈશ

શાન ઠેકાને લાવી

વીજ કનેક્શનો આપવા માટે ધક્કા ખવડાવતા અને ઉદ્ધતાઇભર્યુ વર્તન કરતા હોવાની લોકોએ ફરિયાદ કરી

**મિટિંગમાં હાજર MGVCLની ખટંબા અને વાઘોડિયા કચેરીના અધિકારીઓનો ધારાસભ્યએ ઉઘડો લીધો**

• વડોદરા

રાજકોટ બાદ હવે વડોદરાના વાઘોડિયામાં ભાજપના નેતા વીજકર્મીઓ પર બગડ્યા છે. MG-VCLના કર્મચારીઓ વાઘોડિયા તાલુકાના વીજ ગ્રાહકોને વીજ કનેક્શનો આપવા માટે ધક્કા ખવડાવતા અને ઉદ્ધતાઈભર્યુ વર્તન કરતા હોવાની ફરિયાદ મળતા વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ MGVCLના કર્મચારીઓને ખખડાવ્યાં હતાં.વાઘોડિયાના સરકારી આરામગૃહમાં લોકો સાથેની મિટિંગ બાદ ધારાસભ્યએ વીજકર્મીઓને આડેહાથ લીધાનો વીડિયો પણ સામે આવ્યો છે. જેમાં ધારાસભ્ય વીજ કર્મચારીઓને કહી રહ્યાં છે કે, તમે મફતની સેવા નથી આપતા, સરકાર તમને કામના પૈસા આપે છે. આજે છેલ્લી વોર્નિંગ આપું છું, ગ્રાહકોનો પ્રશ્ન હલ કરો અને જવાબ વ્યવસ્થિત આપો, નહીં તો ન છૂટકે કાગળ ઉપર કાર્યવાહી કરવી પડશે.

મળેલી માહિતી પ્રમાણે, વાઘોડિયાના ભાજપાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા દ્વારા વાઘોડિયા તાલુકાના લોકોના પ્રશ્નો સાંભળવા વાઘોડિયા આરામગૃહ ખાતે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ



મિટિંગમાં મોટી સંખ્યામાં ખેડૂતો તેમજ ગ્રામજનો વિવિધ પ્રશ્નોની રજૂઆત કરવા માટે હાજર રહ્યા હતા. વિવિધ પ્રશ્નોમાં સૌથી વધુ ફરિયાદ વીજ કંપનીની હતી. આ સાથે લોકો ધારાસભ્યને એ પણ ફરિયાદ કરી હતી કે, ફોન કરતા MGV-CLના અધિકારીઓ ઉદ્ધતાઈભર્યું વર્તન કરે છે. આથી આ મિટિંગમાં હાજર MGVCLની ખટંબા અને વાઘોડિયા કચેરીના અધિકારીઓનો ધારાસભ્યએ ઉધડો લીધો હતો. ખેડૂતોના પ્રશ્નો વહેલીતકે ઉકેલવા માટે અધિકારીઓને ગર્ભીત ચિમકી આપી ખખડાવ્યાં હતા.

આજે છેલ્લી વોર્નિંગ આપું છું. મને એવી ફરિયાદ મળશે કે, તમે તોછડો જવાબ આપો છો. તમે સરકારી અધિકારી છો, સરકાર તમને કામ કરવાના પૈસા ચૂકવે છે, તમે કોઈ મફતની સેવા નથી આપતા. તમે અયોગ્ય જવાબ આપો તે કેવી રીતે ચાલે. હવે મને ફરિયાદ આવી કે તમે લોકો સાથે ગમેતેવું વર્તન કર્યું તો હું કાગળ ઉપર લઈને પછી એક્શન લઈશે, પછી ના કહેતા. પછી તો મુળ સુધી જશું. આ લોકોને શોખ તો નથી થતો કે તમને અમથા-અમથા ફોન કરે. તમારી સાથે એમને પ્રેમ-દોસ્તી કરવાની હોવાથી ફોન ન કરે. તેમને મુશ્કેલી હોય ત્યારે તમને ફોન અને તમે ગમેતેવો જવાબ આપો એ થોડું ચાલે.

# રામસાગર તળાવની સફાઈ, 45 શાખાઓ 2થી 7 જૂન સુધી અભિયાન ચલાવશે

ગોધરામાં બેંક ઓફ બરોડાની પર્યાવરણ માટે પહેલ





• ગોધરા

ગોધરા શહેરના મધ્યમાં આવેલા રામસાગર તળાવની સુંદરતા પુનઃસ્થાપિત કરવા બેંક ઑફ બરોડાએ મહત્વનું પગલું લીધું છે. તળાવની આસપાસ ફેલાયેલી ગંદકી અને પ્લાસ્ટિકના ઢગલાને દૂર કરવા માટે બેંકના અધિકારીઓ અને કર્મચારીઓએ નગરપાલિકાના સહયોગથી સફાઈ અભિયાન હાથ ધર્યું છે.

બેંકના ક્ષેત્રીય પ્રબંધક કૌશલકિશોર પાંડે અને એલડીએમ એસ.કે. રાવની આગેવાનીમાં કાર્યક્રમની શરૂઆત થઈ. પ્રાદેશિક કચેરી કલિન્દીથી શરૂ થયેલી રેલી શહેરના મુખ્ય માર્ગો અને બસ સ્ટેન્ડ થઈને રામસાગર તળાવ સુધી પહોંચી હતી. રેલી દ્વારા નાગરિકોમાં સ્વચ્છતા અને પ્લાસ્ટિક મુક્ત ભારત માટે જાગૃતિ ફેલાવવામાં આવી હતી.

અગાઉ પણ કેટલીક સેવાભાવી સંસ્થાઓએ તળાવની સફાઈ માટે પ્રયાસો કર્યા હતા. પરંતુ સ્થાનિક રહીશો અને દુકાનદારો દ્વારા ફરી ગંદકી ફેલાવવામાં આવે છે. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે જિલ્લાની 45 બેંક શાખાઓ 2થી 7 જૂન દરમિયાન સફાઈ અભિયાન યોજશે.

બેંક ઑફ બરોડા પર્યાવરણ સંરક્ષણ અને કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે સતત પ્રયત્નશીલ છે. વિશ્વ પર્યાવરણ દિવસ (5 જૂન) નિમિત્તે વૃક્ષારોપણ અભિયાનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. બેંકે નાગરિકોને આ અભિયાનોમાં સક્રિય ભાગ લેવા અને સ્વચ્છ તેમજ પ્લાસ્ટિક મુક્ત ભારતના નિર્માણમાં યોગદાન આપવા અપીલ કરી છે.

# કાકા સસરા પર હુમલો કરનાર વધુ 2 આરોપી ઝડપાયા

કાન્હા બિલ્ડર ગ્રુપનો બિલ્ડર ધવલ ઠક્કર હજુ ફરાર

• વડોદરા

વડોદરાના કાન્હા બિલ્ડર ગ્રુપના MD ધવલ ઠક્કરે 8થી 9 શખસોને લઈને તેના કાકા સસરાના ઘરે ગયો હતો અને કાકા સસરાને લાકડી વડે ઢોર માર માર્યો હતો અને જીવલેણ હુમલો કર્યો હતો અને તેમની ઉપર સાયકલ પણ ફેંકી દીધી હતી. આ ઘટનામાં છાણી પોલીસે આજે વધુ બે આરોપીની ધરપકડ કરી છે અને પોલીસે કાન્હા બિલ્ડર ગ્રુપના બિલ્ડર ધવલ ઠક્કરની શોધખોળ શરૂ કરી છે.

વડોદરા શહેરના ઈલોરાપાર્ક વિસ્તારમાં રહેતા કાન્હા ગ્રૂપના નશેડી બિલ્ડર ધવલ ઠક્કર દ્વારા રોજ દારૂની પાર્ટીઓ કરતો હતો અને ઘરમાં આવીને તેમની પત્ની સાથે ઝઘડા કરીને મારપીટ કરતો હતી. જેથી, પત્ની પણ બિલ્ડર પતિના ત્રાસથી કંટાળી પિયરમાં આવી જતી રહી હતી ત્યારે બિલ્ડરે પત્નીના કાકા જે છાણી વિસ્તારમાં રહે છે. તેમને ગુંડા તત્વોને સોપારી આપી હતી અને ત્યારબાદ કારમાં ગુંડાઓને લઈને તેમના ઘરે જઈને તેમના પર હિંસક હુમલો કર્યો હતો. જેથી કાકા સસરા જગદીશભાઈની ફરિયાદના આધારે બિલ્ડર સાથે હુમલો કરવા આવેલા અગાઉ ચાર આરોપીને ઝડપી પાડ્યા હતા. ત્યારબાદ ગઈકાલે 31 મેના રોજ બે ભાઈ આરોપીની પણ ધરપકડ કરી લેવામાં આવી હતી. આ દરમિયાન આજે 1 જૂનના રોજ કાકા સસરા પર હુમલો કરનાર બિલ્ડરના અન્ય બે સાગરીતો છાણી ગામમાં રહેતા હોવાની બાતમી મળી હતી. જેથી પોલીસે છાણી ગામમાં જઈને મિહીર દિપીકભાઈ રાણા અને કાર્તિક અરવિંદ દરબારને ઝડપી પાડ્યા છે.

# બુટલેગર ગેંગ સામે ગુજસીટોક: આરોપી હરીશ ઊર્ફે હરિ સિંધીની ધરપકડ

• વડોદરા

બૂટલેગરો સામે એસએમસીના સપાટા બાદ શહેર પોલીસે પણ ગાળિયો કસ્યો છે. કુખ્યાત અલ્પુ સિંધી, જુબેર મેમણ, રવિ સિંધી અને પપ્પુ ડાવર સહિત આઠ સામે વારસીયા પોલીસે GUJCTOC (ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ) હેઠળ ગુનો નોંધ્યો છે. આ કેસમાં આજે આરોપી હરીશ ઊર્ફે હરિ સિંધીની ધરપકડ બાદ પોલીસે કોર્ટમાં રજૂ કર્યો હતો. જ્યાં સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર રઘુવીર પંડ્યાએ દલીલો કરી હતી. ગુજસીટોક સ્પેશીયલ કોર્ટે આરોપીના 5 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. હરી સામે 27 ગુના નોંધાયેલા છે.અલ્પુ સિંધી સહિત કુખ્યાત ગેંગે દારૂની કમાણીના હિસાબને લઈ બૂટલેગર હેરી સિંધીની હત્યાનો પ્રયાસ કરી ગેંગ વોર થઈ હતી. ગેંગ મોટાપાયે દારૂનું વેચાણ કરી કરોડો કમાતી હતી અને શહેરમાં ભય ઉભો કર્યો હતો. આ ગેંગ હથિયાર, બોગસ દસ્તાવેજથી જમીન, ખંડણી જેવા ગુના કરી જેલમાં ગયા બાદ જામીન મેળવી પરત ગંભીર ગુના આચરતી હતી. તાજેતરમાં અલ્પુ ગેંગ સહિતનો દારૂના હિસાબને લઈ ગેંગ વોર થઈ હતી. ફતેગંજ બ્રિજ પર એપ્રીલ મહિનામાં કુખ્યાત બૂટલેગર અલ્પુ સિંધી સહિતના સાગરીતે બૂટલેગર હેરી લુધવાણીની હત્યાનો પ્રયાસ કર્યો હતો. શહેરના માર્ગો ઉપર બૂટલેગરોએ હથિયારો લઈ પીછો કર્યો હતો.

આરોપીઓ કારેલીબાગ વિસ્તારમાંથી ચોરીના દાગીના વેચવાનો પ્રયાસ કરતા પકડયા

# વડોદરા ક્રાઈમ બ્રાન્ચે બાજવાડામાં થયેલી 1.97 લાખની ચોરીના બે આરોપીને ઝડપ્યા

• વડોદરા

વડોદરા શહેરના બાજવાડા વિસ્તારમાં આવેલા મકાનમાં રાત્રે ઘરફોડ ચોરીની ઘટના બની હતી. આ ઘટનામાં અજાણ્યા ચોરે મકાનના મુખ્ય દરવાજાનું તાળું તોડી, લાકડાની તિજોરીમાંથી આશરે 1.76 લાખની કિંમતના 7.5 તોલા સોનાના દાગીના અને 1.5 કિલો ચાંદીના વાસણો 1,97,500 રૂપિયા માલમત્તા ચોરી કરી હતી. આ કેસનો ભેદ વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ઉકેલી નાખ્યો છે અને બે આરોપીને ઝડપી પાડી 5.78 લાખ રૂપિયાનો મુદ્દામાલ




જપ્ત કર્યો છે.વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમે ગુપ્ત માહિતીના આધારે કારેલીબાગ વિસ્તારમાંથી ચોરીના સોના-ચાંદીના દાગીના અને વાસણો વેચવાનો પ્રયાસ કરતા બે આરોપીને ઝડપી પાડ્યા હતા. બંને આરોપીઓ ચોરીના મુદ્દામાલના બિલ કે પુરાવા રજૂ કરી શક્યા નહોતા. આરોપીઓની સઘન પૂછપરછમાં તેઓએ કબૂલ્યું કે, 10 દિવસ પહેલાં બાજવાડાના બંધ મકાનમાં રાત્રે ચોરી કરી હતી. ક્રાઈમ બ્રાન્ચે બંને આરોપીને સિટી પોલીસ સ્ટેશનને સોંપ્યા છે.પકડાયેલા આરોપીઓ મનસુખ ઉર્ફે મનીષ વિષ્ણુભાઈ દંતાણી (ઉં.વ. 23, રહે. ભાથુજીનગર, અલવા નાકા, માંજલપુર, વડોદરા, મૂળ રહે. ઉમરેઠ, જિ. આણંદ)ના તેના પેન્ટના ખીસ્સામાંથી સોનાના પાટલાની જોડ, લેડીઝ કયડો (વીંટી) અને બુટ્ટી સાથેનો સેટ મળી આવ્યો હતો તેમજ આકાશ ઉર્ફે પપ્પુ નગીનભાઈ દેવીપૂજક (ઉં.વ. 28, રહે. ટાઉન હોલ, બિગ બજાર, વિધાનગર રોડ, આણંદ), તેની થેલીમાંથી ચાંદીના વાસણો (થાળી-1, ડીશ-1, ચમચી-1, વાટકી-2, લોટો-1, ગ્લાસ-1) મળી આવ્યા હતા. મનસુખ ઉર્ફે મનીષ અગાઉ નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરી, કપડવંજ પોલીસ સ્ટેશનમાં વાસણોની ચોરી અને વડોદરા રેલવે પોલીસ સ્ટેશનમાં મોબાઈલ ચોરીના કેસમાં પકડાયેલો છે.

# ગોધરામાં મહિલા વકીલની ઓફિસ બહાર લઘુશંકા કરનાર સામે ફરિયાદ

આરોપીએ મહિલા વકીલને જાતિ વિષયક અપશબ્દો કહ્યા, એટ્રોસિટી એક્ટ હેઠળ બે

• ગોધરા

ગોધરા કોર્ટ પાછળ આવેલા આરઝુ કોમ્પલેક્ષમાં એક મહિલા વકીલની ઓફિસ બહાર લઘુશંકા કરવાના વિવાદે ચકચાર મચી છે. આ મામલે બે આરોપીઓ સામે એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદ નોંધાઈ છે.ખેડાના રૂસ્તમપુરા ગામના વકીલ સુનીતાબેન રોહિતે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે જણાવ્યું કે, 30મેના રોજ તેઓ પોતાની જુનિયર ક્રિસ્ટી સાથે ઓફિસ બહાર લઘુશંકાની ઘટના અંગે ચર્ચા કરી રહ્યા હતા. આ સમયે મહિલા વકીલ મૃણાલ ચંદ્રકાંત ચૌહાણે આવીને જાતિ વિષયક અપશબ્દો બોલ્યા હતા. ત્યારબાદ આશુતોષ નારણભાઈ પટેલ પણ ત્યાં આવી પહોંચ્યા હતા. તેમણે સુનીતાબેનને ધમકી આપી કે તે જ તેમની ઓફિસ બહાર લઘુશંકા કરે છે. વધુમાં તેમને કોર્ટમાં વકીલાત બંધ કરાવી દેવાની ધમકી પણ આપી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, આશુતોષ પટેલ કોર્ટમાં સુનીતાબેનનો વીડિયો ઉતારે છે. મૃણાલ ચૌહાણ સાથે મળીને બંને સેવાલિયા રોડ પર એક્ટિવા પર તેમનો પીછો કરે છે. આરોપીઓ અન્ય જુનિયર વકીલોને પણ હેરાન કરે છે.આશુતોષ પટેલ જુનિયર ક્રિસ્ટી અસારીનો પીછો કરે છે. મૃણાલ ચૌહાણે ક્રિસ્ટી અસારીને કોર્ટરૂમમાંથી બહાર જવાનું કહી અપમાનિત કરી છે.

ન્યૂઝ ફોકસ

**પી.આઈ પી.કે અસોડાએ જણાવ્યું હતું કે, હાલ નવજાત શિશુના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ગોધરા સિવિલ હોસ્પિટલ મોકલી આપવામાં આવ્યો છે. પીએમ બાદ નવજાત શિશુના ડીએનએની તપાસ કરવામાં આવશે સાથે-સાથે હોસ્પિટલોની પણ તપાસ કરવામાં આવી રહી છે.**

# ગોધરાના સેગવા ગામે નદીના તટમાંથી નવજાત શિશુનો મૃતદેહ મળ્યો

જંગલી પ્રાણીઓએ શરીરના અંગો ખાધા; મહિલાએ પાપ છુપાવવા માટે ત્યજી દીધું હોવાનું અનુમાન, પોલીસ તપાસ શરૂ

• ગોધરા

ગોધરા તાલુકાના સેગવા ગામમાં કુણ નદીના તટમાંથી એક નવજાત શિશુનો મૃતદેહ મળી આવ્યો છે. આ ઘટના ગઈકાલે (31 મે) બપોરે બે વાગ્યાના સુમારે બની હતી. સ્થાનિક રહેવાસી કિરણસિંહ નાયકને ગામના સુનિલભાઈ બારીઆએ આ અંગે જાણ કરી હતી. ઘટનાસ્થળની તપાસમાં જોવા મળ્યું કે, મૃત શિશુનો કમરથી નીચેનો ભાગ અને મોઢાનો ભાગ જંગલી પ્રાણીઓએ ખાઈ લીધો હતો. મૃતદેહને કપડાથી ઢાંકીને ખાનગી વાહન મારફતે ગોધરા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.ગોધરા તાલુકા પોલીસ સ્ટેશનના પી.આઈ પી.કે અસોડાએ જણાવ્યું હતું કે, હાલ નવજાત શિશુના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ગોધરા સિવિલ હોસ્પિટલ મોકલી આપવામાં આવ્યો છે. પીએમ બાદ નવજાત શિશુના ડીએનએની તપાસ કરવામાં આવશે સાથે-સાથે હોસ્પિટલોની પણ તપાસ કરવામાં આવી રહી છે. નવજાત શિશુ બાળક છે કે બાળકી તે અંગે તેમણે જણાવ્યું કે, હાલ જાણવા મળ્યું નથી કારણ કે નવજાત શિશુને કોઈ જંગલી પ્રાણીએ ગંભીર પ્રકારે ઈજા પહોંચાડી હતી. જેથી તેના શરીરના ઘણા અંગો પ્રાણી ખાઈ ગયું હોય તેવું જોવા મળ્યું હતું. પોલીસ ફરિયાદ મુજબ, કોઈ અજાણી મહિલાએ પોતાના પાપ છુપાવવા માટે નદીના ધસમસતા પ્રવાહમાં નવજાત શિશુને ત્યજી દીધું હોવાનું અનુમાન છે. ગોધરા તાલુકા પોલીસે અજાણી વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. મહિના પહેલાં સુરતના પાડેસરા વિસ્તારમાં આવેલા કૈલાસનગર પાસે બીઆરટીએસ બસ સ્ટેન્ડની સામે આવેલા થાંભલાની પાસે એક મૃત ભ્રૂણ મળ્યું હતું. પાંડેસરા મેઈન રોડ અને સર્વિસ રોડની વચ્ચે આવેલા ટાવરના થાંભલા વચ્ચે મૃત ભ્રૂણને ત્યજી દેવામાં આવ્યું હતું. ઈન્ડસ્ટ્રિયલ એરિયામાં ઘણીવાર એવું થતું હોય છે કે અનૈતિક સંબંધના કારણે કે કોઈ છોકરી મા બની જતી હોય છે, આવા સમયે સામાજિક દબાણને કારણે એબોર્શન કરાવતા હોય છે. ઘણીવાર ખૂબ જ ખતરનાક રીતે એબોર્શન પણ કરાવતા હોય છે. પિલ્સ લઈને પણ આ એબોર્શન કરાવતા હોય છે. આવી ઘટના માતા માટે પણ ખૂબ જ જોખમી હોય છે.



**ખાખી પર દાગ** સામાન્ય બાબતે યુવકને ઢોર માર મારવામાં આવતાં શહેરોજનોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે

# ગુજરાતમાં એક જ સપ્તાહમાં પાંચ પોલીસકર્મી સામે નશો, અકસ્માત અને દુષ્કર્મ સહિતના આરોપ

## યુવક રોંગ સાઇડમાં આવતો હોવાથી પોલીસે લાતો અને લાકડી વડે માર માર્યો હતો : પોલીસકર્મીઓ સત્તાનો દુરઉપયોગ કરી પોતાનો પાવર બતાવી રહ્યા છે

• અમદાવાદ

ગુજરાતમાં સતત વધતો ગુનાખોરીનો ગ્રાફ રાજ્યમાં સુરક્ષાના દાવાઓને પોકળ સાબિત કરી રહ્યો છે. હત્યા, લૂંટ, દુષ્કર્મ, છેડતી, હિટ એન્ડ રન અને નશાની હાલતમાં વાહન ચલાવી અકસ્માત સર્જવાની ઘટનાઓ ગુજરાતની પ્રજા માટે સામાન્ય બની ગઈ છે. ખાસ કરીને અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત જેવા મોટા શહેરોમાં તો જાણે આવા ગુનાઓ રોજિંદા બની ગયા છે. પરંતુ સૌથી ચોંકાવનારી અને શરમજનક બાબત એ છે કે છેલ્લા એક અઠવાડિયામાં ગુજરાત પોલીસના જ કર્મચારીઓએ ખાખી વર્દીને કલંકિત કરી છે. પ્રજાના રક્ષક કહેવાતા જ કેટલાક પોલીસકર્મીઓ ભક્ષક બન્યા હોય તેવું ચિત્ર ઊભું થયું છે.

જેમાં આજે અમદાવાદમાં પોલીસકર્મીએ બેફામ કાર હંકારી ત્રણ લોકોને ઈજા પહોંચાડતી હતી. જ્યારે અમરેલીના બે પોલીસકર્મીઓ સામે દૂષ્કર્મની ફરિયાદ નોંધાઈ છે. એક પોલીસકર્મીએ 14 વર્ષની સગીરા સાથે જ્યારે અન્ય એક પોલીસકર્મીએ 30 વર્ષની મહિલા સાથે દુષ્કર્મ આચર્યું હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. તો બીજી તરફ વડોદરામાં થોડા દિવસ અગાઉ એક પીએસઆઈએ નશાની હાલતમાં ડ્રાઈવિંગ કરી ત્રણ વાહનોને અડફેટે લીધા હતા. આ ઘટનાના બે દિવસ બાદ અકસ્માત સર્જનાર પીએસઆઈ વાય. એચ. પઢિયારને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરાયા હતા. સરકારના સુરક્ષાના તમામ દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. ભાજપના રાજમાં કાયદો વ્યવસ્થા જાણે પડી ભાંગી હોય તેવુ ચિત્ર ઊપસ્યું છે. છતાં સરકારના પેટનું પાણીય હલતું નથી.

આજે અમદાવાદના રાણીપ વિસ્તારમાં માધુપુરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસકર્મી યુવરાજ સિંહ એ બેફામ કાર હંકારી એકથી વધુ વાહનોને અડફેટે લીધા હતા, જેમાં ત્રણ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટનાના દ્રશ્યો પણ સામે આવ્યા છે, જેમાં લોકોએ અકસ્માત સર્જનાર પોલીસકર્મીને મેથીપાક ચખાડ્યો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.અમદાવાદમાં પોલીસકર્મીએ જ બેફામ કાર હંકારતાં એકથી વધુ વાહનોને અડફેટે લીધા હોવાની ઘટના બાદ હવે અમદાવાદ પોલીસની દાદાગીરીનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં 2 પોલીસકર્મીઓ નિર્દયતાપૂર્વક યુવકને લાકડી વડે માર મારતાં નજરે પડે છે. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ દ્રશ્યો દીવાન બલ્લુભાઈ રોડ પરના હોવાનું કહેવામાં આવી રહ્યું છે. યુવક રોંગ સાઈડમાં આવતો હોવાથી પોલીસે લાતો અને લાકડી વડે માર માર્યો હતો. વીડિયો જોઈ શકાય છે કે પોલીસકર્મીઓ સત્તાનો દુરઉપયોગ કરી પોતાનો પાવર બતાવી રહ્યા છે. સામાન્ય બાબતે યુવકને ઢોર માર મારવામાં આવતાં શહેરોજનોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.



GCCIના સામાજિક કલ્યાણ માટેના સમર્પણ અને રક્તદાનની નિર્ણાયક જરૂરિયાતને પહોંચી વળવા તેના સક્રિય અભિગમને પ્રકાશિત કરે છે

# 1 લી જૂનથી 15 મી જૂન, 2025 દરમિયાન GCCI ની મેગાબ્લડ ડોનેશન ડ્રાઈવ (પખવાડિયા) નું ઉદ્ઘાટન

**સુચારુ આયોજન** બ્લડ ડોનેશનનું વધારેમા વધારે આયોજન થાય અને આ બ્લડ જરૂરિયાત થેલેસેમિયાના બાળકો સુધી પોહચે

**14 મી જૂન, 2025 ના રોજ યોજાનારી સમાપન ઈવેન્ટમાં GCCI નાહોદ્દેદારો તમામ સહભાગીએ સોશિયેશનોને "સહભાગીતા પ્રમાણપત્ર" રજૂ કરશે**

• અમદાવાદ

GCCI નીમહાજન સંકલન સમિતિ તેના સંલગ્ન એસોશિયેશનો સાથે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી સંયુક્ત ઉપક્રમે 1 લી જૂનથી 15મી જૂન, 2025 સુધી મેગા બ્લડ ડોનેશન ડ્રાઈવ (પખવાડિયા) નું આયોજન કરવામાં આવ્યું છે. GCCI ની મેગા બ્લડ ડોનેશન ડ્રાઈવ આજે તા:01/06/2025 ના રોજ અમદાવાદ ફર્નીચર એસોસિએશન દ્વારા બાપુનગર, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું જેનું ઉદ્ઘાટન દીપ પ્રાગટ્ય દ્વારા GCCI ના ઉપપ્રમુખ શ્રી અપૂર્વ શાહેં કર્યું હતું. અને આ મેગા બ્લડ ડોનેશનમા ઉપસ્થિત એસોસિએશનના હોદ્દેદારોનો આભાર માન્યો હતો અને અન્ય સૌ આ સારા કાર્ય માટે જોડાયા છો તેઓનો પણ અભાર માન્યો હતો. ઉદઘાટન સમારોહમાં શ્રી અપૂર્વ શાહ, ઉપપ્રમુખ, GCCI, શ્રી આશિષભાઈ ઝવેરી, ચેરમેન,મહાજન સંકલન કમિટી, GCCI અને શ્રી દિનેશ શેઠ, પ્રમુખ, અમદાવાદ ફર્નીચર એસોસિએશન, શ્રી હિતેશ બ્રહ્મભટ્ટ, સેક્રેટરી, અમદાવાદ ફર્નીચર એસોસિએશન અને કારોબારીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી સંદીપ એન્જીનીયર, પ્રમુખ, GCCI એ તેમના મુખ્ય વક્તવ્યમાં અમદાવાદ ફર્નીચર એસોસિએશનને તેમના સુઆયોજિત રક્તદાન શિબિરની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે બ્લડ ડોનેશનનું વધારેમા વધારે આયોજન થાય અને આ બ્લડ જરૂરિયાત થેલેસેમિયાના બાળકો સુધી પોહચે તેવું જણાવ્યું હતું. તેમણે આ બ્લડ ડોનેશન માટે સુભેચ્છા સંદેશ પણ પાઠવ્યો હતો. ભારપૂર્વક જણાવ્યું હતું કે આ નિર્ણય GCCI ના સામાજિક કલ્યાણ માટેના સમર્પણ અને રકતદાનની નિર્ણાયક જરૂરિયાતને પહોંચી વળવા તેના સક્રિય અભિગમને પ્રકાશિત કરે છે.

GCCI દર વખતે જન્યુઆરી અને જૂન મહિનામા આ આ રીતે મેગા બ્લડ ડોનેશન ડ્રાઈવનું આયોજન કરતી હોય છે જે થેલેસેમિયાના બાળકોને સમર્પિત હોય છે.

14 મી જૂન, 2025 ના રોજ યોજાનારી સમાપન ઈવેન્ટમાં GCCI નાહોદ્દેદારો તમામ સહભાગીએ સોશિયેશનોને "સહભાગીતા પ્રમાણપત્ર" રજૂ કરશે.



મહારાણી અહિલ્યાબાઈ હોલકરની 300મી જન્મ જયંતી નિમિત્તે

# ભરૂચમાં શક્તિનાથ મહાદેવથી સ્ટેચ્યુ પાર્ક સુધી શોભાયાત્રા નીકળી



• કેતન મહેતા, ભરૂચ

ન્યાય, ધર્મ અને સમર્પણની પ્રતિમૂર્તિ મહારાણી અહિલ્યાબાઈ હોલકરની 300મી જન્મ જયંતી નિમિત્તે ભરૂચ શહેરના શક્તિનાથ મહાદેવ મંદિરથી સ્ટેચ્યુ પાર્ક સુધી શોભાયાત્રા યોજાઈ હતી

આ શોભાયાત્રામાં વિવિધ સામાજિક અને ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. માર્ગ પર ઉપસ્થિત નાગરિકોએ શોભાયાત્રાનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

આ કાર્યક્રમમાં ભાજપના જિલ્લા પ્રમુખ પ્રકાશ મોદી, ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ ધર્મેશ મિસ્ત્રી, પાલિકા પ્રમુખ વિભૂતિ યાદવ, શહેર પ્રમુખ જતીન શાહ, દિવ્યેશ પટેલ સહિત અન્ય પદાધિકારીઓએ હાજરી આપી હતી.

# દહેજના અદાણી પોર્ટથી કેપ્સુલ લઈ જતી ટ્રકની ચેઈન તૂટતાં માર્ગ પર પડ્યું



• કેતન મહેતા, દહેજ

દહેજના અદાણી પોર્ટથી કેપ્સુલ લઈને જતી ટ્રકની ચેઈન અચાનક તૂટી જતાં કેપ્સુલ દીપક નાઈટ્રેટ કંપની તરફ જતાં માર્ગ પર પડી ગયું હતું. આ ઘટના સમયે માર્ગ પરથી કોઈ વાહન કે વ્યક્તિ પસાર થતાં ન હોવાથી સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. જો કે, અકસ્માતને કારણે માર્ગની બંને બાજુએ વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી.

સૂચના મળતાં જ દહેજ પોલીસ અને ટ્રાફિક વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને લગભગ બે કલાક સુધી ચાલેલી ટ્રાફિક સમસ્યાને હળવી કરી

# નિકોલ વિધાનસભા ક્ષેત્રમાં ભાજપની પરિચય બેઠક યોજાઈ





• અમદાવાદ

આજે નિકોલ વિધાનસભા ક્ષેત્રમાં સમાવિષ્ટ તમામ વોર્ડના નવનિયુક્ત ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારોની પરિચય બેઠક યોજાઈ. 'નેશન ફર્સ્ટ' ની વિચારધારા સાથે આપણે સૌ સાથે મળી જનકલ્યાણના કાર્યમાં જોડાઈએ.

LCBએ દારૂની ૨૫૨ બોટલ અને બોલેરો સહિત ક.૨૩ લાખનો મુદ્દામાલ જપ્ત

# ધોરાજીના સુપેડી પાસેથી વિદેશી દારૂ ભરેલ બોલેરો સાથે એક ઝડપાયો

• સુરેશ ભાલીયા જેતપુર

રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક હિમકરસિંહએ દારૂ તથા જુગારની બંદીઓને ડામી દેવા સૂચના આપી હોય જેને ધ્યાને લઈ ધોરાજી તાલુકાના નાનીવાવડી તથા સુપેડી વચ્ચેથી ૨૫૨ બોટલ દારૂ ભરેલ બોલેરો એલસીબી પોલીસે પકડી પાડી રૂ.૩.૧૮ લાખનો દારૂ સહિત કુલ રૂ.૬.૨૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી એક શખ્સની ધરપકડ કરી હતી, જ્યારે માલ ભરાવી આપનાર જુનાગઢના શખ્સની શોધખોળ હાથ ધરી છે, મળતી માહિતી મુજબ રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષકની સૂચનાને ધ્યાને લઈ એલસીબી પીઆઈ વી વી ઓડેદરા તથા પીએસઆઈ એચ સી ગોહિલના માર્ગદર્શન હેઠળ સ્ટાફના માણસો નાઈટ કોમ્બીગ માં હતા તે દરમ્યાન એએસઆઈ શક્તિસિંહ જાડેજા, તથા હેડ કોન્સ્ટેબલ અરવિંદસિંહ જાડેજા, કૌશીક જોષી, વિજયસિંહ જાડેજાને બાતમી મળી હતી કે ધોરાજી તાલુકાના નાનીવાવડી તથા સુપેડી વચ્ચે રોડ પરથી એક બોલેરો પીકઅપ વાહન ઈંગ્લીશ દારૂ ભરી નીકળનાર છે જેથી વોચ ગોઠવી બોલેરો નીકળતા તેને રોકી ટ્રાઈવરનુ નામ ઠામ પુછતા જણાવેલ સરમણ ઉર્ફે વીજય રમેશભાઈ હુણ રહે. ગામ કેરાળા, ઉપલેટાને પકડી બોલેરોની તપાસ કરતા સુકી મકાઈની આડમાં છુપાવેલા ઈંગ્લીશ દારૂની પેટીઓ મળી આવી હતી જેની ગણતરી કરતા ઈંગ્લીશ દારૂની જુદી જુદી બ્રાન્ડની ૨૫૨ નંગ બોટલ મળી આવી હતી, આરોપી સરમણની પુછપરછ કરતા આ દારૂ જુનાગઢ રહેતા વિપુલભાઈ માંડાભાઈ રબારીએ ભરાવી આપ્યો હોવાની કબુલાત આપતા તેની શોધખોળ હાથ ધરી હતી, એલસીબી પોલીસે રૂ.૩.૧૮ લાખનો દારૂ એક બોલેરો, એક મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૬.૨૩.૦૦૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ધોરાજી તાલુકાના પોલીસ મથકમાં પ્રોહી કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.



# અહિલ્યાબાઈ હોલકરની 300 મી જન્મજયંતી નિમિત્તે મલ્ટીમિડીયા શો યોજાયો



• અમદાવાદ

અહિલ્યાબાઈ હોલકરની 300 મી જન્મજયંતી નિમિત્તે અમદાવાદ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં આયોજિત મલ્ટીમિડિયા શૉ - ગુજરાતી નાટક નિહાળવાનો અવસર પ્રાપ્ત થયો. જયારે દેશની સંસ્કૃતિ ઉપર, આપણા મંદિરો ઉપર, આપણા તીર્થ સ્થાનો ઉપર હુમલો થઈ રહ્યો હતો ત્યારે લોકમાતા અહિલ્યાબાઈએ તેને સંરક્ષિત કરવાનું બીડું ઉઠાયું. અહિલ્યાબાઈના વ્યક્તિત્વ અને જીવનમાંથી પ્રેરણા લઈને આપણે નેશન ફર્સ્ટ' ના મંત્રને સાકાર કરીએ.પ્રેરણાદાયી નાટકનું આયોજન કરવા બદલ સૌ આયોજકો અને કલાકારોને અભિનંદન.

**ન્યૂઝ ફોકસ** કુલ 5 હજાર ચૂકવવા આદેશ : મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટે આ ગેરકાયદેસર કૃત્ય બદલ સરપંચ કિરણ વસાવા વિરુદ્ધ કાર્યવાહી કરી

# અંકલેશ્વરમાં સરકારી જમીન પર વૃક્ષો કાપવા બદલ સામોર ગામના સરપંચને વૃક્ષ દીઠ 1 હજારનો દંડ

• કેતન મહેતા, અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના સામોર ગામમાં સરકારી જમીન પર થયેલા વૃક્ષોના નિકંદન મામલે સરપંચને દંડ ફટકારવામાં આવ્યો છે. ગામના સરપંચ કિરણ.એલ.વસાવાએ પંચવટી બાગમાંથી કોઈપણ પરવાનગી વગર પાંચ વૃક્ષો કાપી નાખ્યા હતા.

આ મામલો સ્થાનિક રહેવાસી રાજેશ નટવરભાઈ મોદીએ મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની કચેરી સમક્ષ ઉઠાવ્યો હતો. ફરિયાદ બાદ કરવામાં આવેલી સ્થળ તપાસમાં આ વૃક્ષો સરકારી જમીન પરથી કાપવામાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું.

મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટે આ ગેરકાયદેસર કૃત્ય બદલ સરપંચ કિરણ વસાવા વિરુદ્ધ કાર્યવાહી કરી, દરેક વૃક્ષ દીઠ 1 હજાર રૂપિયાના હિસાબે કુલ 5 હજાર રૂપિયાનો દંડ ચૂકવવાનો આદેશ કર્યો છે.



# અંકલેશ્વરના ભડકોદ્રા ગામની ક્રિષ્ના પાર્ક સોસાયટીમાં યુવકે આપઘાત કર્યો



• કેતન મહેતા, અંકલેશ્વર

અંકલેશ્વરના ભડકોદ્રા ગામની ક્રિષ્ના પાર્ક સોસાયટીમાં એક યુવકનો મૃતદેહ મળવાની ઘટના સામે આવી છે. મૃતક યુવકની ઓળખ ધર્મેશ પંચાલ તરીકે થઈ છે.

શુક્રવારથી ધર્મેશ ઘરની બહાર દેખાયો ન હતો, તેથી સ્થાનિક રહેવાસીઓએ આ અંગે તેના મોટા ભાઈને જાણ કરી હતી, તેથી મોટો ભાઈ તરત જ ઘટના સ્થળે પહોંચ્યો હતો, પરંતુ ઘરનું બારણું બંધ હોવાથી તેણે બારીનો કાચ તોડીને અંદર જોયું તો ધર્મેશ બેડ પર બેભાન અવસ્થામાં પડ્યો હતો.

તેથી તાત્કાલિક જીઆઈડીસી પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો ત્યારે ધર્મેશનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો છે.

પ્રાથમિક તપાસમાં યુવકે અગમ્ય કારણોસર આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. જીઆઈડીસી પોલીસ મૃત્યુના ચોક્કસ કારણ અને અન્ય પાસાઓની તપાસ કરી રહી છે.

# એકમાત્ર આપણી પૃથ્વી પર આટલુ બધું પાણી ક્યાંથી આવ્યું?

- આપણી ગેલેક્સીમાં ઘણાં એસ્ટરોઈડ્સ છે જેમાં ઘણાં બધાં પાણી છે
- આપણા મહાસાગરોમાં પાણી શુદ્ધ ગ્રહો સાથે ટકરાવાથી આવ્યું છે

## જ્યાં સુધી પૃથ્વી પર પાણી હશે ત્યાં સુધી પૃથ્વી પર જીવન ધબકતું રહેશે



સમસ્યા આજની

લેખક: દીપક જગતાપ

સમગ્ર બ્રહ્માંડ મા અસંખ્ય ગ્રહો,ઉપ ગ્રહો,ગેલેક્ષીઓ આવેલી છે પણ એક માત્ર પૃથ્વી પર જ જીવનજોવા મળ્યું છે. જેનું એક માત્ર કારણ પાણી. હા,પૃથ્વી પરભરપૂર માત્રામાં પાણી છે. નદી, તળાવો, મહાસાગર, બર્ફીલા પ્રદેશ, વરસાદને કારણે પૃથ્વી પર પ્રચુર માત્રા પાણી છે. પણ સવાલ એ ઉપસ્થિત થાય છે કે કોઈ પણ ગ્રહ પર નહીં અને માત્ર પૃથવી પર જ પ્રચુર માત્રામાં પાણી કેમ છે? અને સૌથી મોટો પ્રશ્ન તો એ છે કે આટલુ બધું પાણી પૃથ્વી પર આવ્યું ક્યાંથી? એ અંગે વિજ્ઞાનીઓએ ઘણા સંશોધનો કર્યા છે.

આપણી ગેલેક્સીમાં ઘણા તૂટી રહેલા તારાઓનો સમાવેશ થાય છે જે એક એસ્ટરોઈડના અવશેષો છે. તેઓ નક્કર પથ્થરના દડાના રૂપમાં તારા પર પડ્યા કરે છે. એસ્ટરોઈડ વાતાવરણનું નિરીક્ષણ કરનારા વૈજ્ઞાનિકોના જણાવે છે કે એસ્ટરોઈડ પથ્થરમાંથી બને છે, પરંતુ તેમાં પણ ઘણુંપાણી હોય છે. આ પરિણામના આધારે, આ સવાલનો જવાબ શોધી શકાય છે, પૃથ્વી પરનું પાણી ક્યાંથી આવ્યું?વૈજ્ઞાનિકોનો અંદાજ છે કે આપણી ગેલેક્સીમાં ઘણાં એસ્ટરોઈડ્સ છે જેમાં ઘણાં બધાં પાણી છે. આ પાણી ગ્રહોને પાણી પહોંચાડે છે અને જીવન તરફ દોરી જાય છે. યુ.કે.ની યુનિવર્સિટી ઓફ વોરિકના સંશોધનકર્તા રોબર્ટો રેડી કહે છે, 'અમારા સંશોધનથી જાણવા મળ્યું છે કે જે રીતે ઝાઝા પાણી વાળા શુદ્ર ગ્રહ ની વાત થઈ રહી છે,એવા શુદ્ર ગ્રહ આપના સૌરમંડળ માં વધારે મળી આવે છે.

વિજ્ઞાનીઓનું અનુમાન છે કે ઘણા સમય પહેલા, પૃથ્વી ખૂબ જ સૂકી અને ઉજ્જડ હોવી જોઈએ. તે વધુ પાણી સાથે કોઈ ગ્રહ સાથે ટકરાઈ ગયું હોવું જોઈએ અને તે પછી તે ગ્રહનું પાણી પૃથ્વી પર આવી ગયું હશે.આ સંશોધનને વિશ્વસનીય બનાવવા માટે, રેડીએ બતાવવું પડ્યું ઉચા પાણી સાથે એસ્ટરોઈડની હાજરી સામાન્ય છે. આ માટે, તેમને જૂના વાયર વિશે જાણવાની જરૂર હતી. જ્યારે તારો તેના અંત તરફ આગળ વધે છે, ત્યારે તે સફેદ વામન તારામાં ફેરવાય છે. તેનું કદ નાનું હોઈ શકે છે પરંતુ તેના ગુરુત્વાકર્ષણ બળમાં કોઈ ઘટાડો નથી. તેની પાસે આસપાસના એસ્ટરોઈડ્સ અને ધૂમકેતુઓને તેના વાતાવરણમાં ખેંચીને ખેંચવાની શક્તિ છે. આ ટકરાવો છતી કરે છે કે આ પત્થરો કયાં બનેલા છે. ઓક્સિજન અને હાઈડ્રોજન જેવા રાસાયણિક તત્વો પ્રકાશને જુદા જુદા શોષી લે છે. રેડની રિસર્ચ ટીમે મૃત્યુ પામેલા વાયર પર પડતા પ્રકાશની પેટર્નનો અભ્યાસ કર્યો છે. આ અભ્યાસ કેનેરી આઈલેન્ડ્સ પર સ્થિત વિલિયમ હર્ષેલ ટેલિસ્કોપની મદદથી કરવામાં આવ્યો હતો. રેડી અને તેના સાથીઓએ 500 પ્રકાશ વર્ષ દૂર સમાપ્ત થતા વાયર પર સંશોધન કર્યું હતું. તેણે વિખરાયેલા એસ્ટરોઈડ્સના રાસાયણિક સંતુલનનો અંદાજ કાઢવાનો પ્રયાસ કર્યો. તેઓએ શોધી કાઢ્યું કે તેઓ પાસે પથ્થર ઉપરાંત પુષ્કળ પાણી છે. રોયલ એસ્ટ્રોનોમિકલ સોસાયટીની માસિક નોટિસમાં, આ સંશોધકોએ લખ્યું છે કે પર્યાપ્ત પાણીવાળા એસ્ટરોઈડ ગેલેક્સીના અન્ય ગ્રહોમાં પાણી લાવી શકે છે.

રેડીએ તારણ કાઢ્યું, 'ઘણા એસ્ટરોઈડ્સ પર પાણીની હાજરી શક્યતાને મજબૂત કરે છે કે આપણા મહાસાગરોમાં પાણી શુદ્ધ ગ્રહો સાથે ટકરાવાથી આવ્યું છે.'તાજેતરમા વૈજ્ઞાનિકોએ આપણા સૌરમંડળની બહારના ઘણા ગ્રહો શોધી કાઢ્યા છે. એકલા કેપ્લર ટેલિસ્કોપે 1000 થી વધુ ગ્રહો શોધી કાઢ્યા છે. આવા બાહ્ય ગ્રહો પર જીવન પણ આવી શકે છે. જો તે પૃથ્વીના કદ સમાન હોય અને તેમના તારાના 'ગોલ્ડિલોક્સ ઝોન' માં હોય, એટલે કે પૃથ્વીની જેમ, જ્યાં તાપમાન ન તો ખૂબ ઉચું અથવા ખૂબ નીચું હોય, તો તેમના પર જીવનની સંભાવના છે. સંશોધનનાં સહ-લેખક અને યુનિવર્સિટી ઓફ વોરિક બોરિસ ગેંસીકના જણાવ્યા મુજબ, જળ-જથ્થોથી ગ્ર હિ ત ગ્રહ પણ આવા ગ્રહો સુધી પાણી પહોંચ્યા હશે. આપણે જાણીએ છીએ કે પાણી વિના જીવનના અસ્તિત્વની કલ્પના કરી શકાતી નથી. જો કે, ગેન્સિક એવું પણ માને છે કે જો કોઈ બાહ્ય ગ્રહ પર જીવનની હાજરી હોય તો પણ તેને શોધી કાઢવું ખૂબ મુશ્કેલ રહેશે.હવે આપણી પૃથ્વી પર કેટલું પાણી છે તે જાણીએ આપણી પૃથ્વીની સપાટી પર પાણીની વિપુલ માત્રા એ પૃથ્વીનું એક એવું અદ્વિતીય પાસું છે.જે તેને સૌરમંડળમાં “ભૂરા ગ્રહ' તરીકે બીજા ગ્રહોથી જુદી પાડે છે. પૃથ્વીનું જળમંડળ મુખ્યત્વે મહાસાગરોનું બનેલું છે પણ આમ જોવા જઈએ તો તેમાં વિશ્વના તમામ જળાશયો- ભૂમધ્ય સમુદ્રો, સરોવરો, તળાવ, નદી અને 2,000 મી.ના ઊંડાણે આવેલા ભૂતળના જળનો પણ સમાવેશ થાય છે. દરિયામાંની સૌથી ઊંડી જગ્યાપૅસિફિક મહા સાગરમાં મરિઆના ખાઈનીચેલેન્જર ડીપ છે, જે -10,911.4 મી. ઊંડાઈ ધરાવે છે.મહાસાગરોની સરેરાશ ઊંડાઈ 3,800 મી. હોય છે, જે ખંડોની સરેરાશ ઊંચાઈ કરતાં ચારગણી છે. મહાસાગરોનું દળ લગભગ 1.35×૧018 મેટ્રિક ટન અથવા તો પૃથ્વીના કુલ દળના 1/4400 ભાગ જેટલું છે અને તે1.386×૧09 કિ.મી.3 જેટલો વિસ્તાર રોકે છે.જો પૃથ્વી પર જમીન એકસરખી સપાટ રીતે વિસ્તરેલી હોત તો પાણીની સપાટી 2.7 કિ.મી. કરતાં પણ વધુ ઊંચાઈએ હોત. [note ૧૫] આશરે 97.5% પાણી ખારું/ક્ષારયુકત છે જયારે બાકીનું 2.5% પાણી તાજું છે. આ તાજા પાણીનો મોટો ભાગ, આશરે 68.7%, અત્યારે બરફ સ્વરૂપે છે.મહાસાગરોના કુલ દળનો લગભગ 3.5% ભાગનમકમીઠાંનો બનેલો છે. મીઠાંનો આ જથ્થો કાં તો જવાળામુખીમાંથી મુકત થયો હોય છે અથવા તો પછી ઠંડા પડેલા અગ્નિકૃત ખડકોમાંથી ખેંચાયેલો હોય છે. ઘણી દરિયાઈ જીવ-સૃષ્ટિના અસ્તિત્વ માટે આવશ્યક એવા વાતાવરણમાંના ઓગળેલા વાયુઓ પણ મહાસાગરમાં સંગ્રાહાયેલા હોય છે. વિશ્વના હવામાનને દરિયાના પાણી ખૂબ મહત્ત્વપૂર્ણ રીતે અસર કરે છે.



અવકાશમાંથી પૃથ્વીનું અવલોકન કરતી વખતે સૌ પ્રથમ પ્રવાહી પાણીના સમુદ્રોનજરે પડે છે. સપાટીના ક્ષેત્રની દ્રષ્ટિએ, સમુદ્રો પૃથ્વીનો આશરે 70% હિસ્સો આવરી લે છે.પૃથ્વીના વાતાવરણની જેમ, જીવન ટકાવી રાખવા માટે પ્રવાહી પાણીની હાજરી એ જરૂરી માપદંડ છે. વિજ્ઞાનીઓ માને છે કે પૃથ્વી પરનું જીવન પ્રથમ 3..8 અબજ વર્ષો પહેલાં ઉભરી આવ્યું હતું, અને તે સમુદ્રમાં હતું, અને જમીન પર ખસેડવાની ક્ષમતા ખૂબ પાછળથી જીવંત વસ્તુઓમાં દેખાઈ હતી. વિજ્ઞાનીઓઓ બે કારણોસર પૃથ્વી પર મહાસાગરોની હાજરીને સમજાવે છે. આમાં પ્રથમ પૃથ્વી પોતે છે. એવી અટકળો છે કે પૃથ્વીની રચના દરમિયાન, ગ્રહનું વાતાવરણ પાણીના વરાળના મોટા પ્રમાણમાં કબજે કરવામાં સક્ષમ હતું. સમય જતાં, ગ્રહની ભૌગોલિક પદ્ધતિઓ, મુખ્યત્વે તેની જ્વાળામુખીની પ્રવૃત્તિ, આ જળ વરાળને વાતાવરણમાં છોડી દેતી, જેના પછી, વાતાવરણમાં, આ બાષ્પ ઘટ્ટ થઈ ગયો અને પ્રવાહી પાણીના સ્વરૂપમાં ગ્રહની સપાટી પર પડ્યો. બીજો સંસ્કરણ સૂચવે છે કે ભૂતકાળમાં પૃથ્વીની સપાટી પર પડતા જળનો સ્ત્રોત ધૂમકેતુઓ હતો, બરફ જે તેમની રચનામાં પ્રચલિત હતો અને પૃથ્વી પરના જળસંગ્રહની રચના કરતો હતો. જ્યાં સુધી પૃથ્વી પર પાણી હશે ત્યાં સુધી પૃથ્વી પર જીવન ધબકતું રહેશે એ નક્કી છે.



# બોગસ ગ્રાહક મોકલી પોલીસ દ્વારા બાંગ્લાદેશી યુવતીઓના શોષણનો પર્દાફાસ

### ઈસનપુર હાઈવ ઉપર કોમ્પલેક્ષમાં ત્રણ નાની દુકાનોમાં હોટલ બનાવી ગોરખધંધો

• અમદાવાદ

બાંગ્લાદેશી મહિલાઓની મજબૂરીનો લાભ ઉઠાવીને તેઓનું શારિરીક શોષણ કરવામાં આવી રહ્યું હોવાની માહીતી આધારે એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાંચની ટીમે નારોલ ઈસનપુર હાઈવે ઉપર બોગસ ગ્રાહક મોકલીને દરોડો પાડયો હતો અને ત્રણ નાની દુકાનોમાં હોટલ બનાવીને બાંગ્લાદેશી મહિલાઓની મજબૂરીના લાભ ઉઠાવીને તેમની પાસે ખરાબ કૃત્ય કરાવતા હતું. પોલીસે સ્થળ ઉપર ગ્રાહકો પાસેથી કમિશન લેતી મહિલા એજન્ટ સહિત ત્રણ મહિલાને પકડી પાડીને વધુ તપાસ હાથ ધરી છે.

એસ.ઓ.જી.ક્રાઈમ બ્રાંન્ચને ચોક્કસ બાતમી મળી હતી કે અમદાવાદમાં ગેરકાયદે રહેતી બાંગ્લોદેશી મહિલાઓનું એક શખ્સ અને તેના મળતીયા દ્વારા મહિલાનું શોષણ કરવામાં આવી રહ્યું છે. જેને લઈને પોલીસે નારોલ ઈસનપુર હાઈવે પરના જલપરી કામ્પલેક્ષમાં નકલી ગ્રાહ મોકલીને દરોડા પાડયો હતો. આરોપીઓ કોમ્પલેક્ષની ત્રણ નાની ઓરડીઓમાં હોટલ બનાવીને તેમાં ગ્રાહક બોલાવીને દેહવ્યાપાર કરાવતા હતા.પોલીસે દરોડા પાડીને સ્થળ ઉપરથી વટવાની એક મહિલા એજન્ટ સહીત ચાર મહિલાઓની અટકાયત કરી હતી મહિલા એજન્ટ કમિશન લઈને આ ગોરખધંધો ચલાવતી હોવાનું બહાર આવ્યું છે જેને લઈને એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાંચે ગુનો નોંધીને કેટલા સમયથી આ ધંધો ચાલતો હતો અને દુકાન તથા હોટલના માલિકની ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

ન્યૂઝ ફોકસ

*આ હુકમના અનુસંધાનમાં પોલીસે પત્ની અને પુત્રી બંનેને કોર્ટમાં રજૂ કર્યા હતા. જો કે, કોર્ટની કાર્યવાહી દરમિયાન પત્નીએ અરજદાર સાથે જવાની અનિચ્છા દર્શાવી હતી અને પુત્રીની વય પણ ત્રણ વર્ષથી નાની હોવાથી તેને પણ પોતાની સાથે જ રાખવાની માગ કરી હતી*

# વ્યાજબી કારણો સિવાય 5 વર્ષથી નાના બાળકની કસ્ટડી માતા સિવાય કોઈને નહીં : ગુજરાત હાઈકોર્ટ

### બાળકીની ઉંમર ત્રણ વર્ષની એટલે કે પાંચ વર્ષની નાની છે, તેથી તેની માતા જ પૂરતી કાળજી લઈ શકે એમ હોઈ પુત્રીની કસ્ટડી માતાને સોંપવામાં આવે : કોર્ટ

• અમદાવાદ

લગ્નજીવનની તકરારમાં છેલ્લા એક મહિનાથી લાપતા બનેલ પત્ની અને પુત્રીનો કબ્જો મેળવવા અરજદાર પતિએ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરેલી હેબીયર્સ કોર્પસ અરજીની સુનાવણીમાં પોલીસે આજે પુત્રી અને પત્નીને અદાલત સમક્ષ હાજર કર્યા હતા.

જો કે, પુત્રની ઉમંર પાંચ વર્ષ કરતાં નાની હોવાથી જસ્ટિસ વિમલ કે.વ્યાસે સ્પષ્ટ જણાવ્યું હતું કે, જયાં સુધી પૂરતા કે વાજબી કારણો ના હોય ત્યાં સુધી બાળકની કસ્ટડી માતા સિવાય અન્ય કોઈને પણ આપી શકાય નહી. આમ ઠરાવી હાઈકોર્ટે બાળકીની કસ્ટડી માતા પાસે જ રહેવા દઈ તેને સોંપી હતી અને કેસની વધુ સુનાવણી બે સપ્તાહ બાદ મુકરર કરી હતી.

હાઈકોર્ટે વધુમાં જણાવ્યું હતું કે, પ્રસ્તુત કેસમાં બાળકીની ઉંમર ત્રણ વર્ષની છે અને તેથી અદાલત માટે બાળકના કલ્યાણને જ સૌથી અગ્રીમ પ્રાધાન્યતા આપવાનું હોય છે. અદાલતનો અભિપ્રાય છે કે, આ ઉંમરમાં તેની માતા જ તેની પૂરતી કાળજી લઈ શકે તેમ છે, તેથી અરજદાર પિતાને પુત્રીની કસ્ટડી સોંપવાની માંગણી હાલના તબક્કે સ્વીકારી શકાય તેમ નથી.

અરજદાર પિતા તરફથી કરાયેલી રિટ અરજીમાં એ મતલબની રજૂઆત કરાઈ હતી કે, અરજદારના વર્ષ 2008માં લગ્ન થયા હતા અને તેની પત્નીથી લગ્નજીવન દરમિયાન તેમને બે પુત્રો અને એક ત્રણ વર્ષની પુત્રી સંતાનમાં છે. જો કે, ગયા મહિને કોઈક કારણસર તેની પત્ની તેમની નાની ત્રણ વર્ષની બાળકીને લઈને કયાંક જતી રહી છે. અરજદારે તેના સગા-પરિચિતો, મિત્ર વર્તુળમાં તપાસ કરી પરંતુ કયાંય તેની ભાળ નહી મળતાં છેવટે અરજદારે સ્થાનિક પોલીસમાં જાણ પણ કરી છે.

પરંતુ પોલીસ દ્વારા પણ અરજદારની પત્ની કે, પુત્રીને શોધવાના ફળદાયી પ્રયાસો કરવામાં આવ્યા નથી. અરજદારે તેમની રીતે પ્રયાસો કરતાં ખબર પડી છે કે, તેમની પત્ની અને પુત્રી રાજસ્થાનમાં છે અને સંબંધિત લોકો દ્વારા તેઓને ગેરકાયદે ગોંધી રખાયા છે, તેથી અદાલતે આ કેસમાં અરજદારની પત્ની અને પુત્રીને તાત્કાલિક શોધી અદાલત સમક્ષ હાજર હુકમ કર્યો હતો.

આ હુકમના અનુસંધાનમાં પોલીસે પત્ની અને પુત્રી બંનેને કોર્ટમાં રજૂ કર્યા હતા. જો કે, કોર્ટની કાર્યવાહી દરમિયાન પત્નીએ અરજદાર સાથે જવાની અનિચ્છા દર્શાવી હતી અને પુત્રીની વય પણ ત્રણ વર્ષથી નાની હોવાથી તેને પણ પોતાની સાથે જ રાખવાની માગ કરી હતી.

જેથી હાઈકોર્ટે પત્નીની ઈચ્છા અને બાળકીની ઉંમર જાણ્યા બાદ જણાવ્યું હતું કે, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ, જયાં સુધી કોઈ વાજબી કે પૂરતા કારણો ના હોય તેમજ પાંચ વર્ષથી નાની ઉંમરનું સંતાન હોય તો તેની કસ્ટડી માતા સિવાય અન્ય કોઈને સોંપી શકાતી નથી.




કારણ કે, માતા જ તેનો સારી રીતે ઉછેર કરી શકે છે. પ્રસ્તુત કિસ્સામાં પણ બાળકીની ઉંમર ત્રણ વર્ષની એટલે કે પાંચ વર્ષની નાની છે, તેથી તેની માતા જ પૂરતી કાળજી લઈ શકે એમ હોઈ પુત્રીની કસ્ટડી માતાને સોંપવામાં આવે છે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI